કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક : ૧૨૮ ● ડિસેમ્બર,૨૦૧૭



જન્મસ્થાન ઉદ્ઘાટન મહોત્સવ - છપિયાધામના દર્શન તા. ૪ નવેમ્બર ૨૦૧૭

સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજનું પ્રાકટ્યસ્થાન - છપિયાધામ યુ.પી.

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧







જન્મસ્થાન ઉદ્ઘાટન મહોત્સવ - છપિયાધામના દર્શન તા. ૪ નવેમ્બર ૨૦૧૭











જન્મસ્થાન-ઉદ્‌ઘાટન-મહોત્સવ--છપિયાધામના-દર્શન-તા.-૪-નવેમ્બર-૨૦૧૭














જન્મસ્થાન ઉદ્‌ઘાટન મહોત્સવ - - છપિયાધામના દર્શન તા. ૪ નવેમ્બર ૨૦૧૭












# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૧ ● અંક : ૧૨૮

ડિસેમ્બર-૨૦૧૭

(મૂળ વર્ષ ૪૯)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**Mo. : 9099098969**
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૬ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૭ |
| ૦૩. | સંધ્યા | ૦૮ |
| ૦૪. | સદા ભજન કરવા જેવા ગુરૂ | ૦૯ |
| ૦૫. | સર્વોપરી છપૈયાધામે શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી અમૃતવચનો | ૧૧ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૩ |
| ૦૭. | સત્સંગ બાલવાટિકા | ૧૪ |
| ૦૮. | ભક્તિ સુધા | ૧૬ |
| ૦૯. | સત્સંગ સમાચાર | ૨૩ |


# અસ્મદીયમ્

સર્વાવતારી સર્વોપરી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને ઉત્સવોની એવી પરંપરા પ્રસ્થાપિત કરી છે કે આપણા સંપ્રદાયમાં સતત ને સતત ઉત્સવો ચાલે છે. શ્રીહરિએ હરિભક્તોને આર્થિક રીતે ખૂબજ સુખીયા કર્યા છે જેથી લોકો ખૂબજ ઉત્સાહ અને પ્રેમથી સેવા કરે છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સમગ્ર ધર્મકુળની નિશ્રામાં અને હજારો સંત-હરિભક્તોની ઉપસ્થિતિમાં આપણા મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા, પાટોત્સવ, પારાયણ, શાકોત્સવ આદિ ધામધૂમથી ઉજવાતા હોય છે. આવા ઉત્સવમાં જેણે જેણે સેવા કરી, દર્શન કરી, લાભ લીધો હોય અને તે ગમે તેવો જીવ હોય પણ તેને અંત સમયે જો આવા ઉત્સવ સમૈયાના દર્શન સાંભરી આવે તો તેનું અતિશે રૂડું થાય. અને ખાસ તો આવા અલૌકિક વચનામૃતના માધ્યમથી પણ આપણને સત્સંગીનો અને ભગવાનના ભક્તનો ગુણ જરૂર આવે છે.

‘‘માટે ભગવાનનો ભક્ત હોય તેને તો સર્વે સત્સંગીનો ગુણ જ લેવો ને પોતાનો તો અવગુણ જ લેવો. એવી રીતે સમજતો હોય, ને થોડી બુદ્ધિ હોય તો પણ તેનો સત્સંગ દિવસે દિવસે વૃધ્ધિ પામતો જાય અને તે વિના તો ઝાઝી બુદ્ધિ હોય તો પણ દિવસ દિવસ પ્રત્યે સત્સંગમાંથી પાછો હઠતો જાય. અને અંતે જાતા નિશ્ચય વિમુખ થાય. અને વળી એ રીત તો સર્વ ઠેકાણે છે જે, ચાકર હોય અથવા શિષ્ય હોય તેને રાજા હોય અથવા ગુરુ હોય તે જેમ વઢીને કહેવા માંડે, તેમાં જે સવળું લેતો જાય તો તે ઉપર રાજા તથા ગુરુને અતિશે હેત થાય છે. અને જેને શિખામણની વાત કરે ને અવળું લે તો તે ઉપર હેત થતું નથી, તેમજ ભગવાનની પણ રીત છે જે જેને શિખામણની વાત કહે ને સવળું લે તો તે ઉપર હેત થાય છે, પણ જે અવળું લે તે ઉપર થતું નથી. (વ.ગ.મ. ૨૬)

માટે આપણે તો આ વચનામૃત કંઠે કરીને જીવમાં ઉતારવું. જેથી આપણે આપણું ધ્યેય અને મોક્ષનો માર્ગ સાધી લેવો તે જ આપણા માટે શ્રેષ્ઠ છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ




श्री स्वामिनारायणो

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ (નવેમ્બર-૨૦૧૭)





| | |
|---|---|
| ૩ થી ૫ | સર્વોપરી છપૈયાધામ શ્રી જન્મસ્થાન મંદિર ઉદ્‌ઘાટન મહોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર વણઝર પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર મુબારકપુર પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર કડી પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૧ થી ૧૬ | લંડન શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડનલેન અને હેરો મંદિર પધરામણી. |
| ૧૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર ધમાસણા નૂતન સિંહાસન મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૨૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર ગોવિંદપુરા (વેડા) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૨૧ | પેથાપુર ગામે પધરામણી. ત્યાંથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાળીગામ પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૨ | સિમેજ (ધોળકા દેશ) ગામે કથા પારાયણ પ્રસંગે પધરામણી. |
| ૨૩ | શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડા કથા પારાયણ પ્રસંગે પધરામણી. |
| ૨૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ પંચવટી શિખરબધ્ધ મહામંદિર મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૨૮ | નડીયાદ ગામે પધરામણી. |
| ૨૯ થી ૫ | ડિસેમ્બર અમેરિકા પધરામણી. |

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(નવેમ્બર-૨૦૧૭)

| | |
|---|---|
| ૧ થી ૫ | સર્વોપરી છપૈયાધામ શ્રી જન્મસ્થાન મંદિર ઉદ્‌ઘાટન મહોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર ધમાસણા નૂતન સિંહાસન મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૨૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ પંચવટી શિખરબધ્ધ મહામંદિર મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૨૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (પાટીદાર) પાટોત્સવ પ્રસંગે પધરામણી |



શ્રી સ્વામિનારાયણ

# સંધ્યા

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

બ્રહ્માજીએ એકવાર જમણી જંઘામાંથી એક પુરુષ ઉત્પન્ન કર્યો અને ડાબી જંઘામાંથી સ્ત્રી ઉત્પન્ન કરી, પુરુષનું નામ કામદેવ અને સ્ત્રીનું નામ સંધ્યા રાખ્યું. સ્ત્રી પુરુષ બન્નેની બહુજ સુંદર સ્વરૂપવાન કમનીય મનમોહક કાયા જોઈને દેવોના મન મોહિત થયાં. ત્રિલોકી દેવો-દાનવો સમસ્ત બન્ને સુંદરકાયા જોવા તેમની સન્મુખ ત્યાંથી દૂર જતા નહીં. અને પોતાના સેવક બનાવવા જાત જાતના લાલચ પ્રલોભનો સ્તુતિ પ્રાર્થના વડે તેમજ બન્નેને વશીભૂત કરવાના ઉપાયો કરવા લાગ્યા. તેથી કામદેવ અને સંધ્યા બન્ને મોહાન્ધ થયેલા દેવોથી ત્રાહિમામ ત્રાહિમામ થઈ ગયા અને બ્રહ્માજીના કહેવાથી ભગવાન ભોળાનાથ સદાશિવના શરણે ગયા.

કૈલાશ પર્વત પર વિરાજમાન સદાશિવના શરણે જઈને પ્રાર્થના કરી કે, હે શંભુ ! અમારી રક્ષા કરો. કામદેવ કહે છે અમારી નજર જ્યાં જ્યાં પડે છે તે બધા અમારુ રૂપ જોઈને મોહિત થઈ જાય છે. અમારા સ્વજનો પણ અમારી લાવણ્યતા જોઈને કામદ્રષ્ટિથી જોવા લાગ્યા છે. આજ સુધી એવો કોઈ નથી જે અમને જોનારોના મનમાં રાગ ઉત્પન્ન ન થયો હોય.

કામદેવની પ્રાર્થના ગર્વ સભર હોઈ ભોળાનાથ બોલ્યા હે દુષ્ટ ! તારુ રુપ જોઈને ત્રિલોકી ભલે મોહિત થતું હોય પરંતુ હું તને બાળીને ભષ્મ કરી નાખીશ. કામદેવે ક્ષમા માગી. મહાદેવને પ્રસન્ન કર્યા.

સંધ્યા દેવી શંભુના શરણે જઈને પ્રાર્થના કરી કે હે પ્રભુ ! મારી કાયા પર મારા સ્વજનોએ કુદ્રષ્ટિ કરી છે તો મારુ રૂપ અગ્નિમાં લીન થાય એવી કૃપા કરો.

શિવજીએ વરદાન આપ્યું કે હે દેવી ! તમારા જન્મથીજ તમને જોઈને દેવો મોહિત થયા છે તો તમારૂ બચપન એળે ગયુ છે તો આજથી માનવ સૃષ્ટિમાં જન્મથી સોળ વરસ સુધી કોઈને કામદેવની દ્રષ્ટિની કામ વાસના ઉત્પન્ન નહિ થાય.

શિવની આજ્ઞાથી સંધ્યા દેવી ચંદ્રભાગા નદીના કિનારે આ વાત સાંભળીને મેઘાતિથિ મુનિ યજ્ઞ કરી રહ્યા હતા ત્યાં આવી. મુનિએ મંત્ર પ્રભાવથી સંધ્યા દેવીની કાયા અગ્નિરૂપ સુવર્ણમયી બનીને ઉર્ધ્વગમન કરી સૂર્યલોકમાં પહોંચી, ત્યાં ભગવાન ભાષ્કર સૂર્યદેવે સુવર્ણરૂપ સંધ્યાની સાથે લગ્ન કર્યા.

સૂર્યદેવને સંધ્યા પત્ની થકી ત્રણ સંતાનનો જન્મ થયો. વૈવસ્વતમનુ, યમદેવ અને યમુના નામે સ્ત્રી થયાં.

વૈવસ્વતમનુ જે હાલ મન્વન્તર કહેવાય છે. યમદેવ જે ધર્મરાજા તથા યમરાજા તરીકે જીવને પાપપુણ્યનો ફેંસલો આપે છે. યમુનાદેવી જે ગોલોકમાં ભગવાન શ્રીકૃષ્ણના મહારાણી તરીકે પૃથ્વી પર જળ સ્વરૂપે પ્રગટ વ્રજભૂમિમાં બિરાજે છે.

સૂર્યનારાયણદેવ સંધ્યા પત્નીમાં અતિ મોહિત હતા એટલે નિત્યકર્મ પૂજા-પાઠ-પુરશ્ચરણના સમયમાં સંધ્યાનું સાંનિધ્ય છોડતા નહતા. સંધ્યાદેવીએ સૂર્યદેવનો મોહ ઉતારવા પોતે પોતાના યોગ ઐશ્વર્યવડે પોતાની પોતાના જેવી પ્રતિબિંબ અપરકાયા (છાયા) ઉત્પન્ન કરી અને તેને સૂર્યની સાથે મુકી પોતે કઠિન તપશ્ચર્યા કરવા ગયાં.

મોહથી બંધાયેલ સૂર્યદેવ અપર કાયાને ઓળખી ન શક્યા અને સંધ્યાની અપરકાયા ''છાયા'' થકી એક પુત્રનો જન્મ થયો તેનું નામ શનિદેવ રાખ્યું.

શનિદેવ જન્મથી ખૂબજ શૂરવીર, તોફાની સ્વભાવ વાળા હતા, તેમના ભાઈઓને વગર વાંકે દંડ કરતા, તેથી સૂર્યદેવે ગુસ્સે થઈને શાપ આપ્યો અને શનિદેવ એક પગે લંગડા થઈ ગયા. તે દિવસથી શનિદેવની ગતિ મંદ બની.

એકવાર નારદજી સૂર્યદેવ પાસે આવ્યા અને સંધ્યાની કુશળતા પૂછી, નારદજી કહે હે દેવ તમે ત્રિલોકીને અજવાળું આપો છો પણ આપ આપણા ઘરમાં જોઈ શકતા નથી. આપની અસલી સંધ્યા વર્ષોથી જંગલમાં તપ કરી રહી છે તે આપનાથી અજાણ છે અને છાયા સંધ્યા આપની સેવામાં છે.

સૂર્યદેવ કોપાયમાન થઈને છાયાને શાપ આપ્યો કે કપટથી મારા થકી સંતાન મેળવ્યું છે તો મારો પુત્ર મારો શત્રુ બનીને રહેશે. (જે આજે પણ સૂર્ય-શનિ પરસ્પર શત્રુ છે)

સૂર્યદેવ તત્કાળ જંગલમાં તપ કરી રહેલા સંધ્યા દેવી પાસે ગયા. ત્યારે સંધ્યા પોતાનું રૂપ સંતાડીને ઘોડીના રૂપે બની ગઈ. સંધ્યાની પાછળ મોહાન્ધ સૂર્ય પણ ઘોડો બન્યા. બન્ને થકી ''અશ્વનીકુમાર'' નામે પુત્રો થયા. જે જગતના મહાન વૈદ્ય બન્યા.

સૂર્યનારાયણ સંધ્યાની પાછળ અશ્વરૂપ બન્યા એટલે ત્રિલોકીમાં અંધારુ થઈ ગયું. દેવ-મનુષ્ય-અસુર સર્વે ત્રાહિમામ ત્રાહિમામ બની ગયા.

બ્રહ્મા-વિષ્ણુ-શિવ સહિત નારદજી સૂર્યદેવ પાસે આવ્યા અને સૂર્ય અને સંધ્યા દેવીને વિનંતી કરી કે હે સૂર્યદેવ ! સંધ્યા દેવીની તપશ્ચર્યાના પ્રભાવે તમે ખૂબજ અતિ તેજસ્વી બન્યા છો. તમારા તેજથી ત્રિલોકી તપસ્વી રહી છે. જલ્દી જગતને દર્શન આપો અને જગતને રોગ અને શોકમાંથી મુક્ત કરી તેજસ્વી બનાવો. આ સંધ્યા દેવી સદાય આપની સાથે જ રથમાં રહેશે અને તેમના સુવર્ણમયી તેજથી જગત પ્રકાશિત થશે અને આપના તેજની પહેલી પહેલા સંધ્યા દેવીનું તેજ પ્રગટ થશે. આપના દર્શનથી જગતનું કલ્યાણ થશે. સંધ્યાના દર્શનથી તથા સંધ્યાના આગમન સમયના કાળમાં જે કોઈ જપ, તપ, વ્રત, દાન, પૂજા, પાઠ, મંત્ર, પઠન, સ્મરણ, કીર્તન કરશે તેને સહસ્ત્ર ઘણું અક્ષય મહા પુણ્ય ફળ પ્રાપ્ત થશે.

ઉદય અને અસ્તની સંધ્યાના દર્શનથી પાપી પણ પાપમાંથી મુક્ત થઈ સત્કર્મના અધિકારી બનશે.

હવે પછી જગત રહે ત્યાં સુધી સૂર્ય અને સંધ્યાનો વિયોગ નહિ થાય. જે સંધ્યા દર્શન કરશે તેનો પરસ્પર પ્રેમ વૃધ્ધિને પામશે. સંધ્યા દેવીએ ઘોડીનું રૂપ ધારણ કર્યુ એટલે જે કોઈ પુરુષ ઘોડી પર બેસી લગ્ન કરવા જશે તેના દાંપત્ય જીવનમાં પરસ્પર પ્રેમ અતૂટ રહેશે.

આદિ સત્યયુગની આ કથા છે. સૂર્યદેવના અન્ય પત્નીઓ હોવા છતાં સંધ્યાદેવી સૂર્યનારાયણની સાથે રથમાં બિરાજે છે. અને સૂર્યનારાયણની જેમ તે પણ અતિ તેજસ્વી છે. સૂર્યોદય પહેલાં અને સૂર્યાસ્ત પછી જે સુવર્ણમય તેજનાં દર્શન થાય છે તે જ સ્વયં સંધ્યાદેવી છે.

(અનુ. પેજ નં. ૧૦ ઉપર)

**શ્રી સ્વામિનારાયણ**

# સદા ભજન કરવા જેવા ગુરૂ

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)



॥ श्रीगुरु भजन स्तोत्रम्, वियोगिनीवृत्तम् ॥

भवसंभवभीतिभेदनं सुखसम्पत्करुणानिकेतनम् ।
व्रतदानतपः क्रियाफलं सहजानन्दगुरुं भजे सदा ॥१॥
करुणामयचारुलोचनं शरणायातजनार्तिमोचनम् ।
पतितोद्धरणाय तत्परं सहजानन्दगुरुं भजे सदा ॥२॥
निजतत्त्वपथावबोधनं जनतायाः स्वत एव दुर्गमम् ।
इति चिन्त्य गृहितविग्रहं सहजानन्दगुरुं भजे सदा ॥३॥
विधिशंभुमुखैरनिग्रहं भवपाथोधिपरिभ्रमाकुलम् ।
अपिधार्यमनो नरप्रभं सहजानन्दगुरुं भजे सदा ॥४॥
निजपादपयोजकीर्तनं सततं स्याद्भवजीवगोचरम् ।
इति यः कुरुते क्रतूत्सवं सहजानन्दगुरुं भजे सदा ॥५॥
बहिरीक्षणलोकमानुषं निजजत्ताम्बकदर्शिनां हरिम् ।
भजनियपदं जगद्गुरुं सहजानन्दगुरुं भजे सदा ॥६॥
शरणागतपापपर्वतं गमयित्वा न तदीयसद्गुणम् ।
अणुमप्यतुलं हि मन्यते सहजानन्दगुरुं भजे सदा ॥७॥
भववारिधिमोक्षसाधनं गुरुराजप्रकटस्वसंगमम् ।
प्रकटीकृतवान् कृपावशः सहजानन्दगुरुं भजे सदा ॥८॥
भगवन् कृपया त्वया कृतं जनतायामुपकारमीदृसम् ।
क्षमते प्रतिकर्तुमत्र कः कुरुते दीनजनस्ततोऽञ्जलिम् ॥९॥

આ સંસારથી જેને મુક્તિ પ્રાપ્ત કરીને પરમેશ્વરના અવિનાશી અક્ષરધામને મેળવવું હોય તેને ભજન કરવા યોગ્ય અર્થાત આશ્રય કરવા યોગ્ય કેવા ગુરૂ હોવા જોઈએ તેનું સુંદર વર્ણન આ સ્તોત્રમાં પંડિત વર્ય શ્રીદીનાનાથ ભટ્ટજીએ આ રીતે કર્યું છે.

भवसंभवभीतिभेदनं सुखसम्पत्करुणानिकेतनम् ।
व्रतदानतपः क्रियाफलं सहजानन्दगुरुं भजे सदा ॥१॥

જે ગુરૂશ્રીમાં શરણે આવેલા મુમુક્ષુના જન્મ મૃત્યુના ભયને દૂર કરવાનું સામર્થ છે, અને વળી જે સર્વ સુખ ને સમ્પત્તિના એકમાત્ર આશ્રય સ્થાન છે, તો પણ પોતાના શરણે આવેલા ઉપર કરૂણા કરવામાં સાગર જેવા છે. અને શાસ્ત્રોમાં કહેલા સર્વ વ્રતો અનેક પ્રકારના દાનો તેમજ ધર્મ સંબન્ધી સર્વ ક્રિયાઓના ફળ રૂપ છે, એવા જીવ માત્રને ગુરૂ કરવા યોગ્ય મારા ગુરૂ ભગવાન શ્રીહરિ શ્રી સહજાનંદ સ્વામીનું હું અવિરત સદા આશ્રય રૂપ ભજન કરૂં છું. (૧)

करुणामयचारुलोचनं शरणायातजनार्तिमोचनम् ।
पतितोद्धरणाय तत्परं सहजानन्दगुरुं भजे सदा ॥२॥

જીવ માત્ર ઉપર અતિ કરૂણામય દૃષ્ટિથી સુંદર નેત્રો દ્વારા જોવાનો જેમનો સ્વભાવ છે, પોતાના શરણે આવેલા સર્વ ભક્તોના ત્રણેય પ્રકારના દુઃખોથી મુક્ત કરનારા છે, અને અતિ પાપી અને પતિત જનોનો પણ ઉદ્ધાર કરવા સદા તત્પર રહે છે, એ જીવ માત્રને ગુરૂ કરવા યોગ્ય મારા ગુરૂ ભગાવન શ્રીહરિ શ્રી સહજાનંદ સ્વામીનું હું અવિરત સદા આશ્રય રૂપ ભજન કરૂં છું. (૨)

निजतत्त्वपथावबोधनं जनतायाः स्वत एव दुर्गमम् ।
इति चिन्त्य गृहितविग्रहं सहजानन्दगुरुं भजे सदा ॥३॥

આ લોકના જીવાત્માને મોક્ષ તો વેદમાં કહેલા માર્ગથી જ પ્રાપ્ત થાય છે. તે વેદની શ્રુતિઓ કહે છે - ऋतेः ज्ञानान्न मुक्ति । પરમેશ્વરના સ્વરૂપનું યથાર્થ તત્વજ્ઞાન થી જ આત્યન્તિક મોક્ષની પ્રાપ્તિ થાય છે. અને એ પરમેશ્વરના સ્વરૂપનું જ્ઞાન તો કેવળ કૃપા સાધ્ય જ છે. કારણ કે તે દિવ્ય અને સૂક્ષ્મ સ્વરૂપનું જ્ઞાન કોઈ પણ સાધને કરીને થતું નથી. જેમ કે કોઈ વ્રત દાન તપ ત્યાગ કે યોગની સાધના જેવા અતિ કઠોર ઉપાયો કરે કે મોટા મોટા યજ્ઞો કરે પણ પરમેશ્વરના સ્વરૂપનું જ્ઞાન થવું એ તો અતિ મુશ્કેલ છે. અને એ જ્ઞાન વિના જીવાત્માને આત્યંતિક મોક્ષ અર્થાત્ અક્ષરધામની પ્રાપ્તિ થાય નહિ અને અસંખ્ય જીવાત્માને પોતાના દિવ્ય એવા અક્ષરધામમાં તેડી જવા માટે જ સ્વયં સર્વોપરી પરબ્રહ્મ પરમાત્માએ પોતાના તત્વસ્વરૂપનું જ્ઞાન જનતાને આપવા માટે મનુષ્ય દેહ ધારણ કરેલ છે. અને મનુષ્યના જેવું સાધારણ વર્તન આચરણ કરે છે, એવા જીવ માત્રને ગુરૂ કરવા યોગ્ય મારા ગુરૂ ભગાવન શ્રીહરિ શ્રી સહજાનંદ સ્વામીનું હું અવિરત સદા આશ્રય રૂપ ભજન કરૂં છું. (૩)

विधिशंभुमुखैरनिग्रहं भवपाथोधिपरिभ्रमाकुलम् ।
अपिधार्यमनो नरप्रभं सहजानन्दगुरुं भजे सदा ॥४॥

આ જગતના જીવાત્માને જ્યાં સુધી પરમેશ્વરમાં મન સ્થિર ન થાય ત્યાં સુધી તે પરમેશ્વરના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થતું નથી અને મન તો અતિ ચંચળ છે તે શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે - चंचल हि मनः એવા ચંચલ મને ને વશ નિગ્રહ કરવું મોટા મોટા બ્રહ્મા શિવ આદિ દેવોને પણ મુશ્કેલ થાય છે તો આ જીવ જે અનાદિ કાળથી સંસાર સાગરમાં સતત ભટકી ભટકીને અતિ વ્યાકુળ થયેલો છે તે જીવ મનનો કેમ કરીને નિગ્રહ કરી શકે. જ્યાં સુધી મનની ચંચળતા અને અસ્થિરતા દૂર ન થાય ત્યાં સુધી ભગવાનના સ્વરૂપનું જ્ઞાન અર્થાત ભગવાનને ઓળખવા કે પ્રાપ્ત કરવા મુશ્કેલ જ નહીં પણ અશક્ય જ છે. માટે અતિ કૃપા કરીને જેમણે મનુષ્ય દેહ ધારણ કરેલ છે એવા જીવ માત્રને ગુરૂ કરવા યોગ્ય મારા ગુરૂ ભગવાન શ્રીહરિ શ્રી સહજાનંદ સ્વામીનું હું અવિરત સદા આશ્રય રૂપ ભજન કરૂં છું. (૪)

निजपादपयोजकीर्तनं सततं स्याद्भवजीवगोचरम् ।
इति यः कुरुते क्रतूत्सवं सहजानन्दगुरुं भजे सदा ॥५॥

ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતોમાં કહેલ છે કે મનને ભગવાનના ચરિત્ર રૂપી જાળામાં ગુંચવી મુકવું. તો એ અતિ ચંચળ મન અન્ય પદાર્થોમાં ન જાય તો એવા ચરિત્રો જીવને જોવા સાંભળવા મળે અને તેનું ગાન કરવાનો અવસર મળે તેટલા માટે પરમેશ્વર સ્વયં મનુષ્યાકૃતિ ધારણ કરીને જગતના જીવ માત્રને પોતાના ચરણ કમળનાં દર્શન સ્મરણ કીર્તનનો યોગ થાય એવા કલ્યાણ કારી હેતુથી જેઓ મોટા મોટા વિષ્ણુ યાગ આદિ સમૈયાઓ કરે છે એવા જીવ માત્રને ગુરૂ કરવા યોગ્ય મારા ગુરૂ ભગવાન શ્રીહરિ શ્રી સહજાનંદ સ્વામીનું હું અવિરત સદા આશ્રય રૂપ ભજન કરૂં છું. (૫)

बहिरीक्षणलोकमानुषं निजजत्ताम्बकदर्शिनां हरिम् ।
भजनियपदं जगद्गुरुं सहजानन्दगुरुं भजे सदा ॥६॥

જગતના લોકોને સ્થૂળ દષ્ટિથી બાહ્ય દષ્ટિથી મનુષ્ય જેવા જ દેખાય છે. પરંતુ જેના ઉપર તે પરંબ્રહ્મ પરમાત્મા શ્રીહરિએ કૃપા કરી છે તેવા એકાન્તિક ભક્તો માટે તો તે સાક્ષાત્ અક્ષરધામ વાસી પરમેશ્વર જ છે અને તેમના જ ચરણ કમળ હમેશા ભજવા યોગ્ય છે. કારણ કે તેઓ જ સમગ્ર જગતના એક માત્ર ગુરૂ છે. એવા જીવ માત્રને ગુરૂ કરવા યોગ્ય મારા ગુરૂ ભગવાન શ્રીહરિ શ્રી સહજાનંદ સ્વામીનું હું અવિરત સદા આશ્રય રૂપ ભજન કરૂં છું. (૬)

शरणागतपापपर्वतं गमयित्वा न तदीयसद्गुणम् ।
अणुमप्यतुलं हि मन्यते सहजानन्दगुरुं भजे सदा ॥७॥

આ જગતના જીવાત્માને જન્મ જન્માંતરોના પ્રારબ્ધ સંચિત અને ક્રિયમાણ ત્રણ પ્રકારના પાપ કર્મ પર્વત જેટલાં વળગેલાં હોય છે. પણ જો તે જીવ શ્રીહરિના શરણે આવે તો તેના આટલાં મોટા પાપોને પણ જોતા નથી. પરંતુ તેનામાં થોડા અણું જેટલા પણ જો સદ્ગુણ હોય તો તેને જોઈને પોતાનો એકાન્તિક ભક્ત કરે છે. એવા જીવ માત્રને ગુરૂ કરવા યોગ્ય મારા ગુરૂ ભગવાન શ્રીહરિ શ્રી સહજાનંદ સ્વામીનું હું અવિરત સદા આશ્રય રૂપ ભજન કરૂં છું. (૭)

भववारिधिमोक्षसाधनं गुरुराजप्रकटस्वसंगमम् ।
प्रकटीकृतवान् कृपावशः सहजानन्दगुरुं भजे सदा ॥८॥

જીવાત્માને આ વિકટ સંસાર સાગરને તરવા માટે અને આત્યન્તિક મોક્ષ પ્રાપ્ત કરવા માટે પોતાના સાનિધ્ય રૂપ આશ્રય મળી રહે તે માટે જેમણે કૃપા વશ થઈને મનુષ્ય દેહ ધારણ કરીને યોગ કરી આપ્યો છે એવા ગુરૂઓના પણ ગુરૂ રાજાધિરાજ જે કેવળ પોતાની કૃપાથી મળે છે. એવા જીવ માત્રને ગુરૂ કરવા યોગ્ય મારા ગુરૂ ભગવાન શ્રીહરિ શ્રી સહજાનંદ સ્વામીનું હું અવિરત સદા આશ્રય રૂપ ભજન કરૂં છું. (૮)

भगवन् कृपया त्वया कृतं जनतायामुपकारमीदृसम् ।
क्षमते प्रतिकर्तुमत्र कः कुरुते दीनजनस्ततोऽञ्जलिम् ॥९॥

હે પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સહજાનંદ સ્વામી તમોએ કૃપા કરીને આ લોકમાં મનુષ્ય દેહ ધારણ કરીને જગતના જીવ પ્રાણી માત્રને સેવા પૂજા અને દર્શન દેવા રૂપ જે મહા મોટો ઉપકાર કર્યો છે તેનો બદલો વાળવા આ જગતમાં કોઈ જીવની પાસે સમજણ કે બુદ્ધિ નથી કે જેથી તેનું ઋણ ચુકવી શકે તેથી હે પ્રભુ અતિ ગરીબ દીન એવો હું દીનાનાથ ભટ્ટ આપના શ્રીચરણોમાં કેવળ માત્ર બે હાથ જોડીને અંજલી રૂપ નમસ્કાર કરતો વિનય થી ઉભો છૂં. (૯)

અનુ. પેજ નં. ૮ નું ચાલુ

તે સમયથી પ્રાતઃ સંધ્યા અને સાયમ્ સંધ્યાનો સમય શાસ્ત્રકારોએ જપ, તપ, વ્રત, પૂજન માટે સર્વોત્તમ પુણ્યકાળ કહ્યો છે. જે કોઈ વ્યક્તિ પ્રાતઃ, સાયમ અને મધ્યાન્હ સમયે જે પૂજા પાઠ, જપ, તપ, પૂજન કરે છે તેને સહસ્રઘણું પુણ્ય ફળ મળે છે.

આપણા આર્ષદ્રષ્ટા ઋષિ મુનિયોએ ત્રિકાળ સંધ્યાની પૂજા નિશ્ચિત કરેલી છે. વૈદિક હિન્દુ પરંપરાના અનુયાયી ત્રિકાળ સંધ્યા અવશ્ય કરે છે.

જે લોકો પ્રવૃતિમાર્ગમાં જોડાયેલા છે તેઓએ ત્રિકાળ સંધ્યાની પૂજા અવશ્ય કરવી જોઈએ. કદાચ ત્રિકાળ ન થઈ શકે તેમ હોય તો પ્રાતઃ અને સાયમ સંધ્યા અવશ્ય કરવી જોઈએ.

જે સંધ્યા સમયે પૂજા-પાઠ-જપ કરે છે તેને બ્રહ્મા-વિષ્ણુ, શિવ આદિ દેવોએ આપેલા વરદાનોના અધિકારી બને છે.

સંધ્યા સમયે જો કોઈ વ્યક્તિ આરતી, પ્રાર્થના, પૂજા કરતો નથી તેનું આધ્યાત્મિક જીવન શૂન્ય થઈ જાય છે અને તેના પર આસુરી તત્વોનો પ્રભાવ વધે છે.

સર્વાવતારી શ્રી સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રી શ્લોક-૬૩ માં નિજાશ્રિતોને આજ્ઞા કરી છે કે, અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે નિત્યપ્રત્યે (સાયમ્) સંધ્યાકાળે ભગવાનના મંદિર પ્રત્યે જવું, અને તે મંદિરને વિષે શ્રી રાધિકાજીના પતિ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેના નામનું ઉચ્ચસ્વરે કીર્તન કરવું.

પ્રાતઃકાળે ઘરે પૂજા કરવાનું કહ્યું અને સાયમ્ કાળે એટલે કે સંધ્યા સમયે મંદિરમાં કીર્તન કરવા જવાની આજ્ઞા કરી છે. તથા શ્લોક નં. ૧૮૮ માં ગુહસ્થાશ્રમીના વિશેષ ધર્મમાં કહ્યું કે જે બ્રાહ્મણ હોય તેને સંધ્યા કર્યા વિના ભોજન કરવું નહિ.

વૈદિક અને પૌરાણિક પૂજા વિધિમાં પ્રાતઃકાળ અને સંધ્યાપૂજાનું પ્રતિપાદન કરવામાં આવેલ છે. પ્રવૃતિમાર્ગમાં જોડાયા હોય છતાં સંધ્યાના સમયે અવશ્ય પૂજા દર્શન કરવાં.

વૈષ્ણવી પૂજા વિધિમાં સંધ્યા સમયે વિશેષ પંચોપચાર પૂજા કરીને મુમુક્ષુ ઠાકોરજીનાં મુખ દર્શન અવશ્ય કરે. દિવાનું જ્યોતિ સુવર્ણસ્વરૂપ સ્વયં સંધ્યા દેવીનું પ્રતિક તરીકે પ્રગટ કરીને પરમાત્માને નિવેદન કરાય છે. અગ્નિ તત્વ સંધ્યાની કાયા છે.

# સર્વોપરી છપૈયાધામે શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી અમૃતવચનો

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

**જન્મસ્થાન ઉદ્‌ઘાટન મહોત્સવ પ્રસંગે - પ.પૂ. લાલજી મહારાજશ્રી :** નૂતન વર્ષની શરૂઆતમાં લોકો પોતાના સગા-સંબંધીઓને મળવા જતા હોય છે. જ્યારે આપણો આ સત્સંગ પરિવાર નવા વર્ષની શરૂઆતમાં આટલી વિશાળ સંખ્યામાં અહીં એકજ જગ્યાએ ભેગો થયો છે અને એ પણ ઘનશ્યામ મહારાજની સાનિધ્યમાં, જે એક સંભારણું બની રહેશે. આપણું આ મંદિર એ આપણા બધાનું મંદિર છે. **તેમાં કોઈએ ૧૦ રૂપિયા આપ્યા હોય કે ૧૦ લાખ આપ્યા હોય એ મહત્વનું નથી પરંતુ તેની પાછળની જે ભાવના છે એ મહત્વની છે. ભાવથી આપેલ ૧૦ રૂપિયા એ ૧૦ લાખ બરાબર થાય છે.** સત્સંગ કરીએ અને અન્યને કરાવીએ તેનાથી મહારાજ વિશેષ રાજી થાય છે. અને એ માટે ખાસ તો ભાવિ પેઢીમાં સંસ્કારો જળવાય રહે અને **મૂળ સંપ્રદાયના સિદ્ધાંતો સચવાય** એ માટે આપણા મંદિરોમાં બાળ મંડળની પ્રવૃત્તિ ચાલે જ છે જેમાં બાળકોને સહભાગી કરવા પ્રોત્સાહન આપીએ. ઉત્સવમાં સહભાગી દરેકને ખૂબ ખૂબ ધન્યવાદ અને ખાસ તો સ્વયંસેવકો કે જેમાં કેટલાકે તો દિવાળી પહેલા અહીં આવીને સેવા કરી છે. ધંધો-પરિવાર છોડીને દિવાળીનો તહેવાર પણ અહીં જ કર્યો છે. તેઓને વિશેષ ધન્યવાદ.

**પ.પૂ. મોટા મહારાજશ્રી :** પરોક્ષના એક ભક્તનું નામ સહિત દ્રષ્ટાંત આપીને પ.પૂ. મોટા મહારાજશ્રીએ કહ્યું કે, એ ભક્તે ગોકુળ-મથુરામાં શ્રીકૃષ્ણ ભગવાન પાસે એવું માગ્યું કે, મારો બીજો જન્મ ગોકુળ-મથુરાની ભૂમિમાં કોઈ વૃક્ષવેલી કે પક્ષી સ્વરૂપે પણ થાય કે જેનાથી આ ભૂમિની તેમજ અહીં આવનાર ભક્તજનોની ચરણરજ મારા પર પડે. આપણી વાત કરીએ તો **આ ઉત્સવમાં જે કોઈ આવ્યા છો તેને બીજો જન્મ લેવાનો નથી સિવાય કે વચનામૃતમાં કહ્યા મુજબ મહારાજને જેવા છે તેવા સર્વોપરી ઓળખ્યા નહીં હોય, સ્વરૂપ નિષ્ઠામાં ખામી હશે તેમજ નરનારાયણદેવને મહારાજથી જુદા અથવા ન્યૂન જાણતા હશે તો તે સમજણની કસર ટાળવા માટે બીજો જન્મ લેવો પડશે, આ અમારું મંતવ્ય છે.** અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીને તેમજ અમારા પિતાશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને પણ આ છપૈયા ખૂબ વહાલું હતું. અમારા જન્મ સમયે ૧ મહિનો તેઓ અહીં રોકાયેલા છે. **સત્સંગી માત્રએ વર્ષમાં ઓછામાં ઓછું એકવાર તો છપૈયા દર્શન માટે આવવું જ જોઈએ** તેવા અનુરોધ સાથે સહુને ખૂબ ખૂબ ધન્યવાદ.

તા. ૩-૧૧-૧૭ ના દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી મંદિર જોઈને સહભાગી સંતો પર અંતરથી એટલા રાજી થયા હતા કે સ્ટેજ પર ઉભા થઈને બ્રહ્મચારી સ્વામી વાસુદેવાનંદજી (મહંતશ્રી છપૈયા), શા. સ્વા. શ્રી આત્મપ્રકાશદાસજી તથા શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (મહંતશ્રી જેતલપુર), પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી (મહંતશ્રી ભુજ) અને શા. સ્વા. હરિકૃષ્ણદાસજી (મહંતશ્રી અમદાવાદ) એ પાંચેય સંતોને બાથમાં લઈને ભેટીને પીઠ થપથપાવીને પુષ્પમાળા પહેરાવીને તેમજ સાથે પાર્ષદવર્ય શ્રીજાદવજી ભગત (કોઠારીશ્રી ભુજ)ને પુષ્પનો હાર પહેરાવીને અંતરનો રાજીપો ઠાલવ્યો હતો.

**તા. ૪-૧૧-૧૭ :** આદરણીય સંતો અને વહાલા હરિભક્તો - જય સ્વામિનારાયણ ! આ ઉત્સવ અનુભૂતિનો ઉત્સવ છે. તેનું મુખેથી વર્ણન કરી શકાય તેમ છે જ નહિ ! પહેલા દિવસે અમે રસોડે ગયા, એ રસોડામાં જેઓ રસોઈ કરીને-સેવા કરીને બધાની સગવડ પૂરી પાડે છે એના ઘરની અંદર ચાર રસોઈયા રસોઈ કરે છે. અમારા ઈન્સ્ટ્રાગ્રામમાં એક ફોટો છે. એના ઘરની અંદર ચાર કરતા પણ વધારે હશે. **ધનિષ્ઠ માણસ એ છે જેની પાસે વિવેક છે અને ભગવાન છે. એ જ પૈસાદાર છે, એ જ સંસ્કાર છે, એ જ ભગવાનની કૃપા છે.** આજે સ્વામીએ અમારા માટે ઘણું કીધુ, પરંતુ એકલા હાથે જીંદગીમાં કોઈ કામ થાય તેવું છે જ નહિ. આપણે સહુ દેવને અર્થે ભેગા થયા છીએ. **બહુ સચોટ વાત છે, જેમાં કોઈ વ્યક્તિગત સ્વાર્થ ન હોય, દેવને અર્થે કાર્ય થતું હોય, ભગવાનને રાજી કરવા કાર્ય થતું હોય ત્યારે તે કાર્ય અટકે નહીં, સફળ થાય જ !** અમને તમારા સૌની હુંફ છે એમાં કોઈ નાનું કે મોટું નથી, સાઈઝમાં કદાચ કોઈ મોટા કે નાના હોય !

**આપણે ભાગ્યશાળી છીએ કે આપણને આ ભૂમિ મળી છે, ગઈ કાલે મોટા બાપજીએ કહ્યું હતું કે આ જન્મસ્થાન અમદાવાદને પ્રાપ્ત થયું છે. આપણને ભક્તિમાતા મળ્યા તો ધર્મપુત્ર મળ્યા, ધર્મપુત્ર મળ્યા તો ધર્મકુળ મળ્યું, ધર્મકુળ મળ્યું તો સંતો મળ્યા, સંતો મળ્યા તો હરિભક્તો મળ્યા આ બધું જો ન મળે તો કંઈ ન મળ્યું હોત, ખાડે પડ્યા હોત આપણે ! કંઈ ઠેકાણા ન હોત !** આ ભૂમિના બળે કરીને આપણે સુખી છીએ. આ ભૂમિની રજને આપણે માથે ચડાવીએ છીએ. **કોઈની તાકાત નથી કે સ્વામિનારાયણ નામ લેતો હોય અને આ ભૂમિના દર્શન ન કરે.** આ સમે અહીં જે હરિભક્તો એકત્રિત થયા છો તે ભાગ્યશાળી છો કે તમારા મકાન, દુકાન કે વ્યવસાયને તાળા મારીને સમય કાઢીને અહીં આવ્યા છો, આ કંઈ નાનું સુનું કામ નથી. સંતો પણ પોતપોતાની પ્રવૃત્તિ છોડીને દૂર દૂરથી આવ્યા છે. હમણાં રસ્તો કંઈક સારો કર્યો લાગે છે. પહેલા ખાબડ ખૂબડની બહુ ફરિયાદ રહેતી, આંચકા આવે છે, હકીકતમાં આંચકા આવે તો જ મઝા આવે, સ્મૃતિ રહેને !

હમણાં જ આ પોલીસ જોયા એટલે એક વાત યાદ આવી, માણસ જ્યારે વર્ધી પહેરીને આવે ત્યારે એ પણ માણસ છે એ વાત ભૂલી જવાતી હોય છે. અમદાવાદમાં ઉનાળાના ધોમધખતા તાપમાં ટ્રાફિક સર્કલની વચ્ચે એક પોલીસ કર્મી ફરજ બજાવતો હતો. ટ્રાફિક કે બીચ પુલીસ વાલે ખડે થે. કિતને ઘંટે કી ડ્યુટી, કોઈ ત્યોહાર કે દિન છુટી મિલે ના મિલે. રજા મળે ના મળે. એ દિવસે એક દ્રશ્ય જોયું. એક માણસે ચાર રસ્તા વચ્ચે ટ્રાફિક પોલીસને ઠંડા પાણીની બોટલ આપી. તમે તિલક ચાંદલો કર્યો હોય, અમે માથે પાઘ પહેરી હોય, સંતોએ ભગવા વસ્ત્રો પહેર્યા હોય પરંતુ એ ન ભૂલવું જોઈએ કે આપણે બધા માણસ તો છીએ ને ! માણસ થી દુનિયા ચાલે છે. **માણસાઈ વગર દુનિયા નથી.**

# શ્રી સ્વામિનારાયણ

બીજી એક વાત યાત આવી ૨૦ દિવસ પહેલા શ્રીરાજા કોઈક બહેનપણીને ત્યાં જતા હતા. ડ્રાઈવર લઈને જતા હતા. લાલજી મહારાજ સાક્ષી છે. ગાદીવાળાએ ફોન કર્યો. શું કરો છો ? પહોંચી ગયાં. શ્રીરાજા કહે, શાક ખરીદું છું. શાક ખરીદો છો ? શાક તો આપણી પાસે જોઈએ તેટલું છે. બનેલું એવું કે, એક ૬-૭ વર્ષની દીકરી અને તે ઉમરનો જ એક દીકરો, શ્રીરાજા બેઠા હતા. ત્યાં આવીને હાથ લાંબો કર્યો. શ્રીરાજાએ પોતાની પાસે જે ૨૦-૩૦ રૂપિયા હશે તે કાઢીને આપ્યા. તો તેઓ કહે, ના અમારે પૈસાની જરૂર નથી. અમારી પાસે રોટલો છે, શાક નથી. વિચાર કરો, આપણને મહારાજે કેટલું આપ્યું છે ! કલ્પના કરજો, હકીકતમાં કોઈ દિવસ એવો આવ્યો છે કે આપણે શાક માંગવું પડ્યું હોય. હકીકતમાં, બીજાની થાળીમાં શાક ઓછું ન પડે એ આપણે ધ્યાન રાખવાનું છે. અમેં અનેકવાર કહ્યું છે કે, મહારાજ પાસે કે ૫૦૦ પરમહંસો પાસે અન્ન-પાણી નહોતું એટલે મહારાજે કૂવા, વાવ, અન્નક્ષેત્ર કરાવેલા એવું નથી. ભગવાન તો ભગવાન હતા. નાનામાં નાનો જીવ સુખી થાય એ માટે મહારાજે આ બધું કરાવેલું. આ આપણો પાયો છે. એ ક્યારેય ન ભૂલીએ. હાલમાં આપણી પાસે જે સુખ છે તેની પાછળ વડીલોએ દુઃખ સહન કરીને પરિશ્રમ કર્યો છે. ભૂતકાળમાં અમે બહુ ઝાઝું માનતા નથી. પરંતુ ભૂતકાળને ભૂલવામાં પણ માનતા નથી. આજે આપણને બે ટંક **Cholestrerol** કે **Sugar** વધી જાય એટલું થાળીમાં મૈસુબ, મગસ કે મોહનથાળ મળે છે. આ હકીકત છે. આપણા અમદાવાદ દેશની જ વાત કરીએ તો મહંત સ્વામી અને જાદવજી ભગતને ખ્યાલ હશે, વડીલ સંતો એ પણ સાંભળ્યું હશે કે, બે ટંકના થાળ દેવને થાય કે ન થાય ! ભારતનું વિભાજન થયું એ સમયે લાઈટ બીલ ભરવાના પુરતા પૈસા આપણી પાસે નહોતા.

ધર્મકુળના પૂર્વજોમાં સુવાસિની બાને યાદ કરીએ, યોગદાન બધાનું છે. અમે સામે દેખાઈએ છીએ. પડદા પાછળ (પ.પૂ. ગાદીવાળાશ્રી) તેઓનું પણ યોગદાન અને તેઓની જે શક્તિ છે તે જ આ બાજુ આવે છે. સુવાસિનીબાએ પોતાના ચાંદીના કડલા મુળી મંદિરના બાંધકામ માટે આપ્યા હતા. છેલ્લે હમણાં પારાયણ થઈ ત્યારે સૌને દર્શન માટે કઢાવ્યા હતા. ભૂતકાળને વાગોળીએ નહી. પરંતુ ભૂલી પણ ન જઈએ. આપણો આ ઈતિહાસ ભવિષ્યની પેઢીમાં પણ યથાવત કહીએ. આપણે રોદડા નથી રોવાના, આમ હતું ને આમ થઈ ગયું એવી વાત નથી. પરંતુ ભૂતકાળમાં આ પરિસ્થિતિની વચ્ચેથી પસાર થઈને હાલમાં સંપ્રદાયની નીડ છપૈયાની અંદરથી શરૂઆત થઈ છે. ગઈકાલે રાત્રે લાઈટ, ફટાકડા ઈન્ટ્રેસ્ટીંગ હતું, જોવાની મઝા આવી. અમે મંદિરમાં છેક સુધી ઉપરના માળે ગયા, શા માટે ? ભગવાનના ભક્તોનું દર્શન બરાબર થાય એટલા માટે. ભગવાનની સાથે ભક્તોના દર્શન પણ કેમ ન કરીએ ? ઘણા એવું કહેતા હોય છે કે આ તીર્થમાં જઈએ અને પછી આ તીર્થમાં ન જઈએ તો પૂરતું ફળ મળતું નથી. ખબર નહીં, રિસર્ચ કરવું પડે. પરંતુ તીર્થના એવા કંઈક નિયમ હોય છે. અધરું છે. અમને એવું કંઈ ફાવતું નથી. અમને તો નક્કી છે કે અડસઠ તીરથ ચરણે, કોટિ ગયા કાશી. માટે અમે ક્યાંય જતા નથી. મહારાજે આપ્યું છે તેમાં જ રાજી છું. ઘણા અમને કહેતા હોય છે, અહીં જવું છે, તહીં જવું છે, અમે કહીએ છીએ ક્યાંય જવું નથી, **મહારાજે દેવ આપ્યા છે. દેવનો ઉંબરો આપ્યો છે. એ વસ્તુ ૧૧૦% જેટલી સત્ય છે કે જેટલો દેવના દર્શનનો મહિમા છે એ જ મહિમાથી ભગવાનના ભક્તોના દર્શન ન કરીએ તો મંદિરના પગથિયા ચડવા વ્યર્થ છે. ભક્તોમાં કપડાનો ભેદ નથી. સંતો-હરિભક્તો બધા આવી ગયા. એટલે તો અમને પણ અભિષેક પછી ભક્તોના ઠુંહા ખાવાની મઝા આવે છે.**

હરિભક્તો બધું મૂકીને, હજારો-લાખો-કરોડોની દુનિયા મૂકીને અહીં આવ્યા છો. તમને શું ઉપદેશ આપવો ? તમને આ ભૂમિનો મહિમા છે એટલે આવ્યા છો. માટે ઉપદેશ નથી આપતો. પરંતુ આપણે ભાગ્યશાળી છીએ કે આ ભૂમિ નરનારાયણદેવને મળી છે, આ વાત ક્યારેય પણ વિસરાઈ નહી, તેની તકેદારી રાખવી. **અમારી પાઘ નરનારાયણ દેવ સિવાય ક્યાંય કાઢતા નથી. અમારું મસ્તક નરનારાયણદેવનાં ઉંબરા સિવાય ક્યાંય નમતું નથી અને નમશે પણ નહીં. ક્યારેય નહીં નમે. અમને જે દેવ મળ્યા છે તે અમારા માટે સર્વોપરી છે. ગઈ કાલે મોટા બાપજીએ કહ્યું કે મહારાજ અને નરનારાયણદેવમાં ભેદ ન જાણવો. આ દેવ ઉંચા કે નીચા, જાડા કે પાતળા આ બધો ભેદ આપણી આંખમાં રહેલો છે. મહારાજે ઉંબરા પર ઉભા રહીને કીધું કે આ દેવમાં અને અમારામાં રતિમાત્ર ફેર નથી. તો પછી ભેદ પાડીએ તો મહારાજથી આપણે ડાહ્યા થયા કે મહારાજને આપણે ખોટા પાડવા નીકળ્યા છીએ. મહારાજે પ્રસ્થાપિત કરેલા નવે નવ મંદિરોમાં જે દેવો છે એમાંય કોઈ નાનું-મોટું નથી. ભગવાને સ્વયં પ્રસ્થાપિત કરેલા દેવ છે. આપણા ભાગ્ય છે કે આપણને આ મળ્યું છે, માટે તેની ખુમારી રાખવી.**

રસોડામાં તેમજ અન્ય સેવામાં ઝાલાવાડથી, ચોવીસી પ્રાંતથી, ઉત્તર ગુજરાતથી, બાપુનગરથી એક મહિના પહેલાથી હરિભક્તો આવ્યા છે, સંતો મહેનત કરે છે, અધરું છે. કારણ કે આ પ્રાંતમાં કોઈ એકલા આવીને, ચિઠ્ઠી વિના કે મંદિરને અડ્યા વિના ટ્રાય કરી જુએ. એક ભગત આવ્યા હતા. અમે કહ્યું આમને ચાર દિવસ છૂટ આપો, ખબર પડે કે યુ.પી.માં સરકાર કેવી રીતે ચાલે છે ? નિંદાની રીતે નહી. પ્રેક્ટીકલ કહું છું. જ્યાં જે રીતે હોય તે રીત પ્રમાણે કામ કરવું પડે છે. માટે જ ગુજરાતના સંતો-હરિભક્તોએ અહીં જે કાર્ય કર્યું છે તે બહુ મોટી વાત છે. તેંડુલકર મુંબઈમાં સદી ફટકારે એ સહેજ છે પરંતુ વિદેશની ધરતી પર સદી ફટકારે તો તેના વિશેષ ગુણગાન ગવાય છે. ખોટા વખાણમાં હું માનતો નથી. પરંતુ મહેનત તો છે જ. આ પ્રાંતમાં એક મંડપ ઉભો કરી જુઓ, લાઈટવાળા પાંચ ધક્કા ન ખવડાવે તો કહેજો. કરશનભાઈ અડધી અડધી મુસ્કી હલાવે છે, માટે અનુભવ હશે. દરેક સંતો પોતપોતાની રીતે, પોતાની આ વાત પ્રમાણે કામ કરે છે. કોઈ નવરા બેઠા નથી. આ સાંખ્યયોગી બહેનો માટે પણ તાળીઓ પાડજો. શ્રીરાજા, પડદા પાછળ, આ બાજુ પાવર હાઉસ છે, આમને લીધે આ બીજું આવે છે. બહેનોનો સત્સંગ ભૂલાય નહી. **ભક્તિદેવીનું આ ઘર છે, ધર્મદેવનું નહી. એટલે સ્ત્રી શક્તિનું પ્રાધાન્ય તો છે જ, જો ન માનો તો ઘેર જઈને માનવું પડશે !**

મહંત સ્વામીએ કહ્યું કે, આપે સોંપેલું કાર્ય પુરુ કર્યું છે. પરંતુ આપણા બધાનું કાર્ય કોઈ દહાડો પુરું થાય તેવું છે જ નહિ ! સાધુ કોઈ દિવસ નિવૃત થાય ? મોટા બાપજી નિવૃત થયા છતાં મ્યુઝિયમમાં બેસે જ છે ને ! **આપણે સત્સંગમાં અરસ પરસ ભીડાયા છીએ, છેલ્લા શ્વાસ સુધી ભેગા છીએ અને ધામમાં પણ ભેગા થવાના છીએ. કોઈએ કંઈ જુદું પ્લાનીંગ કરી રાખ્યું હોય તો કહેજો. આપણે ક્યાંય ફાંટા પાડવા જ નથી. આ સંતો વડતાલથી આવ્યા, ગઢડાથી આવ્યા, ઉત્તર ગુજરાતથી, ચોવીસીથી કે કચ્છ, વાગડ દેશથી આવ્યા પરંતુ ઉપર ક્યાં ચોકઠા પાડવાના છે? પાડો તો કહેજો, હું મારું ચોકઠું નક્કી કરી રાખું ! ભેદ નથી. ભેદ અહીંયાથી (માણસના મગજમાંથી) આવે છે. માણસની ખોપરી જ ભંગાર છે. ભગવાન માટે કોઈએ કરોડ આપ્યા હોય કે બટાકા સુધાર્યા હોય કે ટ્રાફિકનું નિયમન કર્યું હોય કે કોઈ**

(અનુ. પેજ નં. ૧૫ ઉપર)

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નો ૭ મો વાર્ષિક સ્થાપના દિવસ

આપણા સંપ્રદાયમાં દેવોનો અભિષેક પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવે છે. અમુક સંજોગોમાં સંતો દ્વારા કરવામાં આવે છે. પરંતુ હરિભક્તોને પોતાના હસ્તે અભિષેક કરવાનો અવસર આપણા સંપ્રદાયમાં એક માત્ર મ્યુઝિયમમાં જ પ્રાપ્ત થાય છે અને તે પણ શ્રીનરનારાયણદેવની ચલ પ્રતિમાનો. જેનો લાભ હરિભક્તો પ્રસંગોપાત લેતા જ હોય છે.

આગામી તા. ૧૮-૦૨-૨૦૧૮ ને રવિવાર ફાગણ સુદ-૩ (શ્રી નરનારાયણદેવ પાટોત્સવ) ના રોજ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો ૭ મો વાર્ષિક સ્થાપના દિવસ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ઉજવવામાં આવશે સમય બપોરે ૩-૦૦ થી ૬-૦૦.

આ પ્રસંગે ધર્મકુળના સાનિધ્યમાં આયોજીત શ્રી નરનારાયણદેવનો અભિષેક તથા મહાપૂજામાં બેસવા ઈચ્છુક હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નામ નોંધાવવા અનુરોધ છે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - નવેમ્બર-૨૦૧૭

| | |
|---|---|
| રૂા. ૪૩,૦૦૦/- | પ્રવિણ કુરજી કેરાઈ - કેરા (કચ્છ) |
| રૂા. ૫,૫૦૦/- | કર્નલ પ્રકાશભાઈ તથા પૃથ્વીરાજ તથા સહજ તથા વિહાન ચૌહાણ પરિવાર - કાચા ટેલર્સ - લેસ્ટર |
| રૂા. ૫,૦૦૦/- | રાઠોડ છગનલાલ મૂળજી - જીરાગઢ હાલ મુંબઈ |
| રૂા. ૫,૦૦૦/- | પ્રેમચંદભાઈ પાટડીયા - સાયલા હાલ અમેરિકા |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |
| રૂા. ૫,૦૦૦/- | પુનમભાઈ મગનભાઈ પટેલ - અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | પટેલ જ્યોત્સનાબેન ડાહ્યાભાઈ - વડુવાળા ચિ. પૂનમબેન જીજ્ઞેશભાઈને કેનેડાના વિઝા નિમિત્તે |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી નવેમ્બર-૧૭

| | |
|---|---|
| તા. ૦૫-૧૧-૧૭ | પ્રશાંત કાંતિભાઈ પરમાર - કાલુપુર, અમદાવાદ, હ. જયકિશન તથા રિધ્ધિ |
| તા. ૧૯-૧૧-૧૭ | (સવારે) કાંતિભાઈ મોહનભાઈ પટેલ - પાદરા (વડોદરા) |
| | (બપોરે) ભરતભાઈ લાલજીભાઈ રંગાણી - સુરત |
| તા. ૨૫-૧૧-૧૭ | અગસ્ત્ય વિરલભાઈ ઠક્કર - યુ.કે. (જન્મ દિવસ નિમિત્તે) |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com • email: swaminarayanmuseum@gmail.com**



શ્રી સ્વામિનારાયણ

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

### હિંમતવાળાને હરિ મળે

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

વાત છે વાંચવા જેવી. વાત નાની છે પણ સરવાળે મોટી છે. જેમાં ભક્તોની કસોટી છે. બન્યું એવું કે સ્વામિનારાયણ ભગવાન ખોખરાથી સીધા પૂર્વ દિશાનું ગામ કણભા પધાર્યા. ભક્તોએ ઘણીવાર સાવધાની રાખવી પડે છે. કોઈ પણ પરિસ્થિતિમાં જે સ્વસ્થતા જાળવે એ સચોટ કામ કરી શકે. કણભાના ભક્તોએ ગભરામણમાં એવી એક ભૂલ કરી નાખી જે પછી બહુ પસ્તાયા.

થયું એવું કે મહારાજ કણભા પધાર્યા એટલે બધા ભક્તોએ પધારો.... પધારો.... કહીને મહારાજને આવકાર્યા. મહારાજે કહ્યું, ''પધારવાની વાત પછી, તમે જાણો છો અમારી પરિસ્થિતિ ?'' ના, મહારાજ ! ''અમને રાખવા હોય તો રાખો. અમે રહેવા તૈયાર છીએ પરંતુ અમારી પાછળ અમને પકડવા માટે પેશ્વાનું લશ્કર આવે છે.'' કેમ મહારાજ ! લશ્કર ? ''ખોખરામાં ઝઘડો થઈ પડ્યો છે, મારામારી થઈ છે અને લશ્કર અમારી પાછળ પડ્યું છે.'' આ વાત સાંભળી કણભાના હરિભક્તોએ ગભરાઈને લીલી ઝંડી ફરકાવી દીધી. મહારાજ ! તો તો પધારો... આખું લશ્કર ગામમાં આવે તો નુકશાન થઈ જાય. મારા મારી થઈ જાય અને આ હરિભક્તોએ ગભરાઈને મહારાજને વિદાય આપી દીધી. (ભક્તો હોવા છતાં શૌર્ય ન હોય ત્યાં આવું થાય.) અહીંથી શ્રીજીમહારાજ હસતા હસતા ચાલી નીકળ્યા કે આ અમારા ભક્તો હોવા છતાં હજું સંતસમાગમ કરીને બરાબર ઘડાયા નથી માટે અમને રાખવામાં એ ડરી ગયા.

મહા પ્રભુ કણભાથી આગળ વધ્યા. ખારી નદી ઓળંગી વહેલાલ જેશંગભાઈને ઘેર પધાર્યા. એમનાં બેન વખતબા ઘરે હતાં, એ પોતે નહોતા. ક્યાંય બહાર ગયા હશે. વખતબાએ મહારાજને આવકાર્યા. પધારો મહારાજ ! પધારો..... પધારવાનું પછી, પણ તમે જાણો છો ? શું મહારાજ ! અમને પકડવા માટે અમારી પાછળ પેશ્વાનું લશ્કર પડ્યું છે. તમારી શક્તિ હોય તો અમને રાખો, નહીં તો બીજે જઈએ.

સાવધાન થઈને વાંચો, શૂરવીર ભક્તો કેવા હોય ? જેશીંગભાઈના બહેન કહે છે, ''મહારાજ ! કોનું લશ્કર ? પેશ્વાનું.... ઓહોહો.... એવી માખીઓ પાછળ આવતી હોય એમાં શું ડરવાનું ! મહારાજ ! મેં ગીતા સાંભળી છે કે 'જ્યાં ભગવાન છે, ત્યાં જ વિજય છે.' - તમે મારા ઘરમાં બિરાજતા હો અને આખી ધરતીનું લશ્કર ચડી આવે તોય મારે કોઈની બીક નથી.'' મહારાજને ઢોલીયો ઢાળી ઘરમાં પધરાવ્યા અને માણકી ઘોડી ઘરની અંદર બાંધી. આમ તો ઘોડી ચોકમાં બંધાય પણ કોઈ શત્રુ આવતા હોય એટલે મહારાજને સંતાડી દઉં એ ભાવથી ઘોડી અંદર બાંધી. ઘોડીને હાથ ફેરવીને કહે છે, - ''જો તું અમારી જાતિની ગણાય, અવાજ ન કરતી.'' અને આ બહેને સાડલાનો છેડો કેડમાં ખોસી, ઘરમાંથી સાંબેલું ઉઠાવ્યું. જુના જમાનામાં ઘરમાં સાંબેલા બહુ સારાં રહેતાં, બેય કામ લાગે, ક્યાંક વિપરિત વાતાવરણ હોય તો લડાઈ કરવા કામ લાગે. અત્યારે ઘરમાં સાંબેલાં ન મળે. અરે હવે તો ઘર એવા નીકળ્યાં છે કે ઘરમાં ખાંડણી - દસ્તોય ન મળે. વાતવાતમાં વીજળીની ચાંપ પાડી અને ગ્રાઈન્ડર ફેરવી દેવાનું. પહેલાં તો ચાર ફૂટનું સાંબેલું ઘરમાં રખાતું અને એ સાંબેલું શૌર્યનું પ્રતિક ગણાતું. જેશીંગભાઈના બહેને સાંબેલું ઉઠાવ્યું અને ગામની ભાગોળે પહોંચી ગયા.

ત્યાં જેશીંગભાઈ બહારથી આવ્યા. કેમ બેન ? આ બધું શું છે ? આવું રૂપ કેમ લીધું છે ? મહારાજને પકડવા લશ્કર આવે છે. કોઈ નથી આવતું. હું ત્રણ ગાઉથી આવું છું. કોઈ નથી, ચાલો ઘરે ચાલો. અને બેનને ભાઈ ઘેર આવ્યા.

શ્રીજીમહારાજ ઢોલીયે બિરાજ્યા છે અને હસતાં હસતાં કહે છે, ''લશ્કરને મારી આવ્યા ?'' ના, મહારાજ ! કોઈ લશ્કર નથી. મહારાજ કહે છે, ''ના, તમારો જય થયો, લશ્કરનો પરાજય થયો. તમારી હિંમત એટલી હતી કે તમે જીતીને આવ્યાં છો.'' સ્વામિનારાયણ ભગવાન વખતબાની શૂરવીરતાથી સમજણથી ખૂબ રાજી થયા.

વ્હાલા મિત્રો ! જો જો સાવધાન રહેજો. ક્યાંય આપણી પણ આવી અણધારી કસોટી થાય તો હિંમત હારતા નહિ. આપણા બ્રહ્માનંદ સ્વામી કહે છે કે -

**''હરિજન સાચા રે જે ઉરમાં હિંમત રાખે;**
**વિપત્તે વરચી રે કેદી દીન વચન નવ ભાખે.''**

એટલે ઘરમાં કે જીવનમાં ભગવાનને રાખવા હોય તો હિંમતવાળા બનજો. ભક્તોમાં હિંમત હોય તો ભગવાન તેમને મદદ કરે છે.

**''જો હોય હિંમત રે નરને ઉરમાંહી ભારી,**
**દ્રઢતા જોઈને રે તેની મદદ કરે મુરારી.''**

આ વાર્તા વાંચીને ! શરૂઆતમાં લખ્યું છે તેમ વાત ભલે નાની છે પણ તેનું રહસ્ય બહુ મોટું છે. તે ભૂલતા નહિ.

●

### ગરીબ કોણ ?

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

ઘણીવાર એવા બનાવો બનતા હોય છે કે માણસની આખી રીતભાત કે વિચારસરણીને બદલી નાખતા હોય છે. સામાન્યતઃ સમગ્ર જગતના દરેક લોકો પોતપોતાની રીતે અલગ અલગ માપદંડો દ્વારા બીજા માણસોનું સ્થાન, જ્ઞાન, પરિસ્થિતિ વગેરેનું માપ લેતા હોય છે. જેની પાસે વધુ ધનસંપત્તિ હોય તે સુખી, જેની પાસે ન હોય તે દુઃખી, જે બહુ ભણ્યો તે જ્ઞાની ને ન ભણ્યો તે અજ્ઞાની. આવી આવી અનેકાનેક બાબતોની ગૂઢ છાપ આપણા સમાજમાં પ્રવર્તતી હોય છે.

આજે આપણે એક એવી વાત વાંચીશું જેના વાંચન દ્વારા કદાચ આપણી વિચારધારા બદલાઈ પણ જાય ! એક ઘોડેસ્વાર જંગલમાં ભૂલો પડી ગયો. સાંજ થઈ ગઈ. વાદળો ગાજી રહ્યાં હતાં, વિજળીઓ ચમકારા કરી રહી હતી. રસ્તો ક્યાંય નજરે પડતો નથી ને આ ઘોડેસ્વાર બેબાકળો બની રસ્તો શોધવા ખૂબ ફાંફા મારી રહ્યો છે. રસ્તો ન મળે તો કાંઈ નહી પણ રાત પસાર થઈ શકે તેવું ક્યાંક સ્થાન પણ મળી જાય તો સારૂં કે રાત્રીનો આશરો મળે. પણ બધા જ પ્રયત્નો વ્યર્થ લાગી રહ્યા છે. આવા સમયે આ ઘોડેશ્વારને આશાના કિરણ સમાન દૂર દૂર એક દિવો બળતો જણાયો. ઘોડેસ્વાર

ઉત્સાહિત થઈ ને તે દિવાને ધ્યેય બનાવી ત્યાં પહોંચી જાય છે. તે એક કઠિયારાની ઝૂંપડી હતી. કઠિયારાને ખ્યાલ આવી ગયો કે આ કોઈ ઘોડેસ્વાર આ જંગમલાં ભૂલો પડી ગયો લાગે છે.

કઠિયારાએ ઘોડેસ્વારને આવકાર આપી પોતાની ઝૂંપડીમાં બેસાર્યો. રસોઈ બનાવી જમાડ્યો. તેના ઘોડાની સારસંભાળ પણ લીધી. દોડધામને લીધે થાકેલો આ ઘોડેસ્વાર આ કઠિયારાની મહેમાનગતિ સ્વીકારી સૂઈ ગયો. આખી રાત પસાર થઈ ગઈ. સવારે તે ઉઠ્યો ને જવા તૈયાર થયો. કઠિયારાએ વ્યવસ્થા કરી આપી તે બદલ તેનો આભાર માન્યો. વળી પોતાની ઓળખાણ આપી કે બાજુના ગામનો તે રાજા છે અને એકલો જ શિકારે નીકળી ગયેલો પણ ભૂલો પડ્યો હતો. તેં મને જે રીતે સત્કાર્યો તે બદલ હું તારા ઉપર ઘણો રાજી થયો છું. પોતાની મહોર વાળી એક ચિઠ્ઠી કઠિયારાને આપીને કહ્યું કે કાંઈ પણ દુઃખ હોય કે મુશ્કેલી હોય તો આ ચિઠ્ઠી લઈને મારી પાસે આવજે, હું તને મદદરૂપ થઈશ. પછી રાજાએ વિદાય લીધી. પેલી ચિઠ્ઠી કઠિયારાની પત્નીએ ખૂબ સાચવીને રાખી દીધી.

બધું પાછું એમને એમ ચાલવા લાગ્યું ને દિવસો ઉપર દિવસો ને વરસો ઉપર વરસો વિતવા લાગ્યા. કઠિયારો પોતાની લાકડાં કાપવાની ને વેચવાની પ્રવૃત્તિ કરતો રહ્યો. આ તરફ રાજા તેમની રાજ્ય શાસનની પ્રવૃત્તિ કરતો રહ્યો. સમય જતાં આ કઠિયારોને તેની પત્ની વૃધ્ધાવસ્થાએ પહોંચ્યા. તેમને કોઈ સંતાન નહોતું પણ મહેનત કરી જીંદગી પસાર કરતા હતા. હવે વૃધ્ધાવસ્થાને કારણે કામ ન થઈ શકતા દુઃખી અવસ્થામાં તેઓ જીવવા લાગ્યા. આ સમયે કઠિયારાની પત્નીને પેલી રાજાએ આપેલી ચિઠ્ઠી યાદ આવી. તેણે તેના પતિને એ ચિઠ્ઠી લઈ રાજા પાસે જવાની વિનંતી કરી.

પોતાને અનિચ્છા હોવા છતાં પત્નીના આગ્રહથી કઠિયારો રાજા પાસે જવા તૈયાર થયો. કઠિયારો ચાલતો ચાલતો આ રાજાના રાજ્યમાં આવ્યો. અહીં તો વાતાવરણ બહુ તંગ હતું. કોઈ મોટા યુદ્ધની તૈયારીઓ થતી હોય તેવું લાગતું હતું. આ કઠિયારાને તેની ગરીબ હાલત, તેનો વેશ જોઈ તેને કોઈ મહેલમાં પેસવા દેતું નહોતું. પછી તેણે પેલી ચિઠ્ઠી બતાવી તેથી તેને માન-સન્માનપૂર્વક રાજા પાસે લઈ જવાયો. ઘણો સમય પસાર થઈ ગયો હોવાથી પહેલા તો રાજા કઠિયારાને ઓળખી શકયો નહીં પણ પેલી ચિઠ્ઠી જોયા પછી રાજાને આખી વાત યાદ આવી. કઠિયારાની ખૂબ સારી મહેમાનગતિ કરી. કઠિયારાએ પોતાની પરિસ્થિતિ તથા અત્યારે અહીં આવવાના કારણની વિગત રાજા પાસે રજૂ કરી. વાત જાણ્યા પછી રાજાએ જ્યારે ધન આપવા માંડ્યું પણ કઠિયારાએ ના પાડતા કહ્યું કે - રાજાજી ! આપ ખોટું ન લગાડશો, હું ભલે ગરીબ છું પણ હું બીજા ગરીબ પાસેથી દાન લેતો નથી. આ સાંભળી રાજાને આશ્ચર્ય થયું !! હું ગરીબ નથી. મારે ત્યાં અનાજ, જર-ઝવેરાત, સંપત્તિના ખજાના ભરેલા છે. આટ આટલા નોકર-ચાકર મારી તહેનાતમાં છે. હું તો રાજા છું - ગરીબ નથી.

કઠિયારો કહે છે, રાજન્ ! કોઈ તનના ગરીબ હોય, જેમ કે હું તનનો ગરીબ છું. એટલે કે મારી પરિસ્થિતિ ખૂબજ નાજુક છે એ રીતે હું તનનો ગરીબ છું. પણ તમે મનના ગરીબ છો. તમારી પાસે આટઆટલી સંપત્તિ છે, જાહોજલાલી છે, સમૃદ્ધિના ભંડારો ભર્યા છે છતાંય તમને સંતોષ છે ? તમારે હજુ વધારે સંપત્તિ, સત્તા, જાહોજલાલી જોઈએ છે, ને તે માટે તમે પાડોશી દેશ પર યુધ્ધ કરી તેને પણ તમારા રાજ્યમાં ભેળવવા યુધ્ધની તૈયારીઓ કરી રહ્યા છો. તમારૂં કે મારૂં મૃત્યુ થશે પછી તમારે કે મારે કાંઈ પણ સાથે લઈ જઈ શકવાનું નથી. તો પછી આટલો બધો લોભ કે અસંતોષ શા માટે ?

ધનનો અભાવ એ ગરીબાઈ નથી, પણ સંતોષનો અભાવ એ ગરીબાઈ છે. તે ગરીબાઈ મને તમારામાં દેખાઈ રહી છે. માટે હું તમારી પાસેથી દાન લઈ શકું નહીં. મને જવાની રજા આપો. આ રાજા કાંઈ જેવો તેવો નહોતો. આ કઠિયારાની વાત સાંભળી તેની આંખો ખુલી ગઈ. તેણે આ અભણ કઠિયારાને પોતાને સમજણ આપવા બદલ ગુરૂ બનાવ્યો અને યુધ્ધની તૈયારીઓ અટકાવી દીધી. પછી પોતાનું જીવન તેણે પ્રેમ, સદ્ભાવ, પરોપકાર દ્વારા પસાર કરવાનું શરૂ કર્યું.

મિત્રો ! આ વાત ખરેખર આપણી વિચારધારાને બદલી શકે તેવી છે ને ? એક અભણ માણસ પણ કેવું જ્ઞાન ધરાવી શકે છે કે જેના દ્વારા મોટા યુધ્ધને લીધે થનારા નુકશાનથી પ્રજા બચી શકી. બીજી બાબત એ કે સાચી ગરીબી કઈ ? તે પણ આપણે આ વાત પરથી સમજી શક્યા. તો આ વાતને અંતરમાં ઉતારી આપણને આ સત્સંગ, આવો સારો સમય, સારૂ ભજન કરી શકાય તેવો યોગ પ્રાપ્ત થયો છે તો ભગવાનની આજ્ઞામાં રહી જે પ્રવૃતિ પ્રાપ્ત થઈ છે તેના દ્વારા જે પ્રાપ્તિ થાય છે તેમાં સંતોષ માની ભજન, ભક્તિ, સેવા, સત્સંગમાં, નિશદિન પ્રગતિ કરતા રહીએ અને સદાય સુખ-શાંતિના આનંદમાં રહી શકીએ તેવી ઈષ્ટદેવ શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.....

અનુ. પેજ નં. ૧૨ નું ચાલુ

**બહેને મહારાજ માટે હાર પરોવ્યો હોય, ફળ એ જ છે, એવું અમે માનીએ છીએ.**

સુંદર ઉત્સવમાં સહભાગી થયા, યોગદાન આપ્યું, ખૂબ ધન્યવાદ ! આજે સુંદર પર્વ છે, ભગવાનના દર્શન કરજો. આપણો આ પરિવાર છે, તેમાં સુખશાંતિ છે. આપણી આ ઉન્નતિ-પ્રગતિ એ ભગવાનના બળે કરીને છે અન્યત્ર તમે જુઓ, મંદિરોને સીલ વાગે છે. દેવ માટે થઈને, દેવનું પ્રાધાન્યપણું રાખીને જે કાર્ય કરે છે તે ક્યારેય પાછા નહીં પડે. બ્રહ્મચારી રામ સ્વામીને યાદ કરીએ, કેવો પ્રેમ, કેવી લાગણી, હરિભક્ત મલે એટલે પૂછે જમ્યા કે નહિ ? જમાડવાનું બાકી ન રાખે. મેં વર્ષો સુધી જોયા છે, કાંકરિયા હોય, અહીં હોય, માળા કરતા હોય, સહુને જમાડે અને વાતો કરે. આ આપણી પરંપરા છે. **લાગણી-પ્રેમથી આ સંપ્રદાય બંધાયો છે. રૂપિયાથી નહી.** આ સંતોને ધન્ય છે કે આવી પરંપરા સાચવી રાખી છે. નિંદાથી ડરવું નહિ. નિંદા કરે એ ગમે ! કાર્ય વધારે સારું થાય. કામ કરે તેની નિંદા થાય, લાતો પડે, ગાળો મળે. સાત પેઢીનું વેર હોય તો પણ શાસ્ત્રમાં કે લોકમાં એવું ક્યાંય સાંભળ્યું છે કે સ્મશાનમાં જઈને મડદાને કોઈએ લાત મારી હોય ! દેવને અર્થે કામ થતું હોય, સાચું થતું હોય તો કોઈને ગમે કે ન ગમે, આપણો કોઈ વાળ વાંકો કરી શકે તેમ નથી. અમને ગર્વ છે કે આપ બધા દેવને અર્થે કામ કરો છો. સર્વોપરી શ્રીઘનશ્યામ મહારાજ આપ સૌનું ખૂબ મંગળ કરે, રૂડું કરે, વાર-તહેવારે મળતા રહીએ, ખાઈએ, પીઈએ મોજ-મઝા કરીએ, આપના પરિવાર ઉપર મહારાજ ખૂબ રાજી રહે એવી નરનારાયણ દેવના ચરણમાં પ્રાર્થના.

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી)**
**"આપણા 'મન', 'ઈન્દ્રિયો' અને 'બુદ્ધિમાં' કામના ભરેલી છે. જે આપણને પતન તરફ લઈ જાય છે**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

આપણા થકી ક્યારેય કાંઈ પણ **'અધર્માચરણ'** ન જ થવું જોઈએ, તેની આપણને ખબર હોય છે. છતાં પણ થઈ જાય છે. ઘણી વખત અજાણતા પણ પાપકર્મ થાય છે. દા.ત. રોજના પાપ કર્મ તો આપણે રસોઈ કરીએ, કચરો વાળીએ, શ્વાસ લઈએ તો પણ આપણાથી પાપ કર્મ થાય છે. તો આવા રોજના પાપ કર્મના ઉકેલ માટે શાસ્ત્રમાં પાંચ વસ્તુ બતાવી છે. આપણે રસોઈ કરીએ તેમાં પહેલી રોટલી ગાય માટે કાઢી લેવાની, કીડી માટે કીડીયારું પુરવાનું, માછલા માટે લોટની ગોળી બનાવવાની, પક્ષીને દાણા નાખવાના, રોટલી ઘી, ખાંડ ભેગી કરીને અગ્નિમાં હોમ આપવાનો. આ રોજ આપણાથી પાપ કર્મ થઈ જાય તેનું પ્રાયશ્ચિત છે. પરંતુ અમુક વખત આપણને ખબર હોય છે કે આ પાપ કર્મ કહેવાય, આવું ન કરવું જોઈએ. આ વસ્તુ ખોટી છે. છતાં પણ થાય છે. **તો તેનું કારણ છે. 'કામના' કેમ કે ? આપણા અંદર મન, ઈન્દ્રિયો અને બુદ્ધિમાં કામના ભરેલી છે. જે આપણને 'પતન' તરફ લઈ જાય છે.** આ અંદર ભરેલી કામનાથી **'ક્રોધ'** અને **'લોભ'** ઉપજે છે. કોઈ પણ વસ્તુ પ્રાપ્ત કરવાની લાલસા, લોભ એ **'પાપ'** તરફ લઈ જાય છે. અને લાલચ અને લોભના લીધે માણસ ગમે તેવું કાર્ય કરી દે છે. અને જ્યારે કામના પુરી ન થાય તો **'ક્રોધ'** આવે છે. **'ઈર્ષા' આવે છે કે બીજાની પાસે છે તો મારી પાસે કેમ નથી ? આ રીતે 'આસક્તિ' છે તે આપણને કર્મ-બંધનમાં નાખે છે.** એના ઉપાય માટે આપણે જે કર્મ કરીએ તે નિષ્કામ કર્મ કરવાનું પરોપકાર માટે જ કાર્ય કરવાનું. **જે આપણને મુક્તિ તરફ લઈ જાય છે. સુખી જીવન તરફ લઈ જાય છે.** આપણે આપણું સત્કર્મ કરતા રહેવાનું. બીજાના જીવન સાથે આપણી સરખામણી નહિ કરવાની. કોઈએ ખોટું કાર્ય કર્યું હોય તો એ જાણે અને ભગવાન જાણે. આપણે કોઈના દોષ જોયા વગર સત્કર્મો કરતા રહેવાનું. ભગવાન બધું જુએ છે.

મહાભારતના યુધ્ધ પછી **ભગવાન શ્રીકૃષ્ણને રૂકમણીએ પૂછ્યું કે પ્રભુ ! ભિષ્મપિતામહ અને દ્રોણાચાર્યે આખું જીવન ધર્મ પરાયણ વિતાવ્યું હતું તો પણ આવું કેમ થયું ?** તો શ્રીકૃષ્ણ ભગવાને કીધું કે જ્યારે દ્રૌપદીનું ચિરહરણ થતું હતું ત્યારે મોટા હતા તો પણ મૌન રહ્યા. અર્થાત્ મૌન રહીને પાપ કર્મમાં સાથ આપ્યો. તો આપણે ખ્યાલ હોય કે આ ખોટું છે તો થોડું કહેવું પડે. મૌન રહીએ તો પણ આપણે પાપના ભાગીદાર બનીએ છીએ. તો એક આવી કરેલી ભૂલના કારણે તેમણે કરેલું સત્કર્મ નષ્ટ પામ્યું. પછી **કર્ણનું પૂછ્યું કે કર્ણનો શો વાંક હતો ? કર્ણ તો મહાન દાનવીર હતા.** તો ભગવાને કીધું કે યુધ્ધમાં જ્યારે અભિમન્યુ ઘાયલ થયા ત્યારે કર્ણ પાસે પાણી માગ્યું હતું. કર્ણ જ્યાં ઉભા હતા, ત્યાં પાણીનો ખાડો હતો બાજુમાં પાણી હતું છતાં કર્ણએ પાણી ન આપ્યું. તો કોઈ વ્યક્તિ ભલે આપણી દુશ્મન હોય તો પણ જ્યારે મુશ્કેલીમાં હોય તો તેની મદદ કરવી જોઈએ. એ સમયે આપણે આપણું કર્મ કરવું જોઈએ. તો આવી ભૂલના કારણે તેમનામાં જે દાનવીરતા હતી જે પુણ્ય કર્મ કર્યું હતું તે નાશ પામ્યું અને એ જ ખાડામાં રથના પૈડા ફસાયા અને તેમનો નાશ થયો. તો દરેક વ્યક્તિએ પોતપોતાના ધર્મનું પાલન કરવું જોઈએ. તો આપણે મનુષ્ય થઈને આપણા ધર્મનું પાલન ન કરીએ તો એ પાપ થઈ જાય છે. **વિષયોનો સંગ કરવાથી સન્યાસીનું 'પતન' થાય છે.** સન્યાસી હોય છે તે પરમાત્માની નિકટ હોય છે. પરંતુ જો વિષયોમાં **'આસક્ત'** થાય તો સન્યાસીનું પતન થાય છે. **રાજાનું 'પતન' કોઈની ખોટી સલાહ માનવાથી થાય છે.** જે રાજા હોય છે તે તેની આજુબાજુના લોકોની સલાહ સાંભળે તે બરાબર છે. પરંતુ ખોટી સલાહ ન માનવી જોઈએ. તે સલાહ પર વિચાર કરીને મનન કરીને ત્યાર પછી અમલ કરવા જેવો લાગે તો જ કરવો જોઈએ. **જ્ઞાનીના જ્ઞાનનું 'પતન' અહંકારથી થાય છે.** જ્ઞાની લોકોને હું મારું જ્ઞાન બીજાને આપી દઈશ તો બીજા મારાથી વધારે જ્ઞાની થઈ જશે એવી બીક હોય છે. પરંતુ જ્ઞાન આપવાથી વધે છે. નહિ તો સંકુચિત થઈ જાય છે. જ્ઞાનને બીજાને વહેંચવું જોઈએ. અહંકાર રાખીએ તો જ્ઞાનનો નાશ થઈ જાય છે. તો દરેક વ્યક્તિએ ધ્યાન રાખીને પોતાના ધર્મનું પાલન કરવું જોઈએ. અને અજાણતા પણ અધર્માચરણ થઈ જાય તો સૌથી સહેલો રસ્તો એ છે કે સાચા મનથી પસ્તાવો કરી લેવાનો બધાને કહી દેવાનું અને ભગવાન પાસે બેસી સાચા દિલથી માફી માગી લેવાની. રોજની ટેવ પાડી દેવાની કે આપણાથી કાંઈ ખોટું કાર્ય ના થાય. આપણા લીધે કોઈની આંખમાં આંસુ આવી જાય એવું કાર્ય ક્યારેય ન કરવું. એવું જીવન જીવવાનું કે આપણા ગયા પછી કોઈની આંખમાં આપણા માટે આંસુ આવે અને આપણને યાદ કરે.

**વ્રત-ઉત્સવના નિર્ણયમાં પાટોત્સવ, ફોનમાં સુધારા અંગે**

આપણા નવા પ્રકાશિત વ્રત-ઉત્સવના નિર્ણયમાં આપણા મંદિરોના પાટોત્સવ તિથિમાં ફેરફાર અથવા ભૂલ હોય તથા ફોન નંબરમાં સુધારો હોય તો તા. ૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં મોકલી આપવા જેથી નવા નિર્ણયમાં સુધારો થઈ શકે.

**પ્રશ્નપેટી આ અંકમાં અનિવાર્ય સંજોગોને કારણે પ્રકાશિત થઈ શકી નથી. જાન્યુઆરી-૨૦૧૮ ના અંકમાં પ્રકાશિત થશે.**

**શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલી વાસણા પાટોત્સવ મહા સુદ-૧૪ તા. ૩૦-૧-૨૦૧૮ મંગળવારે છે**




મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ - કલોલ (પંચવટી)ના દર્શન તા. ૨૧ થી ૨૭ નવેમ્બર ૨૦૧૭















મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ - કલોલ-(પંચવટી)ના દર્શન તા. ૨૧-થી ૨૭ નવેમ્બર ૨૦૧૭























મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ - કલોલ (પંચવટી)ના દર્શન તા. ૨૧ થી ૨૭ નવેમ્બર ૨૦૧૭














## મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ - કલોલ (પંચવટી)ના દર્શન તા. ૨૧ થી ૨૭ નવેમ્બર ૨૦૧૭















॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# મકર સંક્રાંતિ (ઉત્તરાયણ) પુણ્ય પર્વ પ્રસંગે અલૌકિક દાન પુણ્ય

આપણો ભારત દેશ ધર્મપ્રધાન દેશ છે. દરેકને પોતપોતાનો ધર્મ-સંપ્રદાય પાળવાનો સ્વતંત્ર અધિકાર છે. આપણા દરેક પર્વ-ઉત્સવનું અનેરૂ માહાત્મ્ય અને મહિમા હોય છે. તેમાંય ૧૪ મી જાન્યુઆરીના દર વર્ષે આવતું ઉત્તરાયણ પર્વ એટલે મકર રાશીમાં સૂર્યનારાયણ ભગવાનનો પ્રવેશ એટલે સંક્રાંતિ કાળ એ શુભનું મંગળકારી આગમન, દરેક પ્રકારના દાન પુણ્યમાં અનેક ઘણો ઉમેરો કરતો હોવાથી આ શુભ દિને પુણ્ય સ્થાક, દેવ મંદિર, અનાથાશ્રમમાં નિરાધાર લોકોને દાન કરવાથી આ લોક પરલોક સંબંધી સર્વે મનોરથ સંકલ્પોનું ત્વરિત ફળ-પુણ્ય મળે છે.

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં બાથમાં લઈ સ્વસ્વરૂપ એવા પરમકૃપાળુ શ્રીનરનારાયણદેવના પરમ પવિત્ર સાનિધ્યમાં તથા શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળની શુભ નિશ્રામાં અને પરમ વંદનીય સંતોની ઉપસ્થિતિમાં તા. ૧૬-૧૨-૧૭ થી તા. ૧૪-૧-૨૦૧૮ એટલે આખો માસ પ્રાતઃકાળે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનો અલૌકિક લાભ લીધો તેજ નિમિત્તે તા. ૧૪-૧-૨૦૧૮ ના રોજ મકર સંક્રાંતિ પુણ્ય પર્વ હોવાથી આપ સૌ જીવનમાં વર્ષમાં એકવાર આવતા આવા પુણ્ય પર્વમાં દાન પુણ્ય કરીને જીવનને ધન્ય બનાવશો.

**શ્રી નરનારાયણદેવ દેશના સમસ્ત હરિમંદિરના કોઠારીશ્રી અને શ્રીનરનારાયણદેવ યુવક મંડળને અનુરોધ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પોતાના ૪૫ માં જન્મોત્સવ પ્રસંગે અમદાવાદ થી જેતલપુર પદયાત્રા કરીને જેતલપુરની પ્રાસંગિક સભામાં ''આંગન'' (નિરાધારને મદદ) સ્થાપનાની વિધિવત રીતે જાહેરાત કરી હતી. જેથી શ્રીનરનારાયણદેવ દેશના તમામ શહેર અને ગામોના કોઠારીશ્રી અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળના પ્રતિનિધિઓને ખાસ અનુરોધ છે કે આપના ગામમાં ઉત્તરાયણ પર્વની ઝોળી ફેરવીને તે નિમિત્તે જે કાંઈ અનાજ, રોકડ કે જીવન જરૂરી પદાર્થ દાનમાં આવે તે તમામ વસ્તુઓ અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ''આંગન'' ના કાર્યાલયમાં જમા કરાવી પહોંચ મેળવી લેશો. જે તમામ આપનું દાન અનેક નિરાધાર જરૂરિયાતવાળા લોકો સુધી પહોંચશે. આ સંકલ્પ એ આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીનો છે. એટલે આ આંગનની સેવા પ્રવૃત્તિ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની દેખરેખ નીચે આપણા સત્સંગી બહેનો દ્વારા થશે. પણ તેમાં સૌએ સાથ સહકાર આપવાનો રહેશે.

**મહંત સ્વામી**
**શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના**
**શ્રીહરિ સ્મૃતિ સહિત જયશ્રી સ્વામિનારાયણ.**

# ઉત્તરાયણ પુણ્ય (ઝોળી) પર્વ

નામ : ..........................................................................

સરનામું : ......................................................................

ફોન નં. : ........................ મો. : ............................................

## ઉત્તરાયણ પુણ્ય પર્વ

તા. 14-1-2018ના ઉત્તરાયણ - મકરસંક્રાંતિના શ્રી નરનારાયણદેવના દર્શને પધારો ત્યારે આ કાર્ડમાં આપની ઈચ્છાનુંસાર રકમ ભરી કોઠાર ઓફિસમાંથી પહોંચ મેળવી લેવી. દૂર વસતા હરિભક્તોએ ચેક - ડ્રાફ્ટથી રકમ મોકલવી.

| વિગત | ભાવ રૂા. | વજન | ૫ કિલોના ભાવ રૂા. | આપની સેવા રૂા. |
|---|---|---|---|---|
| ચોખા | ૩૦૫૦ | ૧૦૦ કિલો | ૧૫૫ | |
| ઘઉં | ૧૫૦૦ | ૧૦૦ કિલો | ૭૫ | |
| મગ | ૮૦૦૦ | ૧૦૦ કિલો | ૪૦૦ | |
| તલ | ૨૪૦૦ | ૨૦ કિલો | ૬૦૦ | |
| ચણા દાળ | ૨૪૦૦ | ૨૦ કિલો | ૬૦૦ | |
| તુવેર દાળ | ૧૦૦૦૦ | ૧૦૦ કિલો | ૫૦૦ | |
| મોગર દાળ | ૭૦૦૦ | ૧૦૦ કિલો | ૩૫૦ | |
| શુદ્ધ ઘી | ૫૦૦૦ | ૧ ડબો | ૧૬૭૫ | |
| તેલ | ૧૧૭૦ | ૧ ડબો | ૩૯૦ | |
| ગોળ | ૫૦૦૦ | ૧૦૦ કિલો | ૨૫૦ | |
| ખાંડ | ૪૧૦૦ | ૧૦૦ કિલો | ૨૦૫ | |
| કુલ રૂા. | ૪૯૬૨૦ | | ૫૨૦૦ | |

દાન, વસ્તુ રૂપે, રોકડ સ્વરૂપે તથા ચેક અથવા ડ્રાફ્ટ
“શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ”ના નામે આપશો.
સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ ફોન : ૨૨૧૩૨૧૭૦.

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રયાગરાજ દ્વિતીય પાટોત્સવ**

સર્વોપરી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તેમનાજ અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી એવં સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ અત્રે પ્રયાગરાજ મંદિરના પૂ. મહંત સ.ગુ. સ્વામી નારાયણસ્વરૂપદાસજીની પ્રેરણાથી પ.ભ. હરિશભાઈ જયંતીભાઈ પટેલ (શ્રી સહજાનંદ પરિવાર જયપુર)ના મુખ્ય યજમાનપદે ત્રિવેણી સંગમ અને સંપ્રદાયની પણ મહાન તીર્થભૂમિ પ્રયાગરાજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દર્શન આપતા પરબ્રહ્મ પરાત્પર સર્વોપરી શ્રી બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો દ્વિતીય પાટોત્સવ તા. ૬-૧૧-૧૭ થી તા. ૮-૧૧-૧૭ પર્યન્ત ધામધૂમથી સંપન્ન થયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં સાધુ રામાનુજદાસજી તથા શા. સ્વા. હરિગુણદાસજીના વક્તાપદે સ.ગુ. નિષ્કુળાનંદકાવ્ય અંતર્ગત શ્રીમદ્ ''સ્નેહગીતા'' ની ત્રિદિનાત્મક કથા સંગીતના મધુરતાલે સુંદર આયોજન થયું હતુ. કથા અંતર્ગત પોથીયાત્રા, જળયાત્રા, સમૂહ ત્રિવેણી પૂજન, સમૂહ ગંગાસ્નાન, સમૂહ મહાપૂજા, નિજમંદિરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજને પુષ્પઅભિષેક પંચામૃત તેમજ કેસરજળનો અભિષેક, છપ્પન્ન ભોગ અન્નકૂટ અને રાત્રીય સાંસ્કૃતિક કાર્યક્રમ પણ સુંદર થયા હતા.

મંદિર દ્વારા થયેલ સુંદર આયોજનથી ત્રિવેણી તીર્થ સંગમમાં તમામ ત્યાગી-ગૃહી આદિ એ સમૂહમાં સ્નાન કર્યું હતું. હરિભક્તો અને બહેનો દ્વારા સંપ્રદાયની મર્યાદામાં રહી રાસોત્સવ સાથે ધૂન-કીર્તનની રમઝટ બોલાવી હતી.

આ પ્રસંગે અમદાવાદ, કચ્છ-ભુજ, મૂળી, વડતાલ, જૂનાગઢ, અયોધ્યા, ઉમરેઠ આદિ ધામોથી સંતોએ પધારીને પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. કોઠારી પાર્ષદશ્રી કમલેશ ભગત આદિ મહંત સ્વામીના મંડળના સંત-પાર્ષદ મંડળે દેશ વિદેશથી પધારેલા હરિભક્તો માટે ઉતારા પાણીની સુંદર વ્યવસ્થા કરી હતી.

(સાધુ રામાનુજદાસજી, ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગોવિંદપુરાવેડા મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ સ.ગુ. મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી ગુરુ સ.ગુ. ભંડારી સ્વામી જાનકીવલ્લભદાસજી (કાંકરિયા) અને સ.ગુ. મહંત શા. સ્વામી સિધ્ધેશ્વરદાસજી (ઈડર)ની અલૌકિક પ્રેરણાથી અને શા. સ્વા. માધવપ્રિયદાસજીના માર્ગદર્શનથી ગોવિંદપુરા વેડામાં નૂતન ભવ્ય હરિમંદિર નિર્માણ થતા તા. ૧૮-૧૧-૧૭ થી તા. ૨૦-૧૧-૧૭ પર્યન્ત મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં ત્રિદિનાત્મક શ્રીમદ્ ભક્તચિંતામણી પારાયણ, મહાવિષ્ણુયાગ, ૫૧ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન, આદિ કાર્યક્રમ ધામધૂમથી સંપન્ન થયા હતા. શ્રીમદ્ ભક્તચિંતામણી ગ્રંથનું રસપાન શા.સ્વા. માધવપ્રિયદાસજીએ સંગીત સાથે કરાવ્યું હતું.

ધામોધામથી પધારેલા સંતોએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

તા. ૨૦-૧૧-૧૭ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્ હસ્તે નૂતન મંદિરમાં ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા વેદોક્ત વિધિથી થઈ હતી ત્યારબાદ સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે નાના મોટા તમામ યજમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર ગામ અને આજુબાજુના ગામના ભાવિક ભક્તોએ અલૌકિક લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું. સમગ્ર પ્રસંગમાં સભા સંચાલન પૂજારી શા. સ્વામી કુંજવિહારી સ્વામીએ કર્યું હતું. (કોઠારી રાજુભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાળીગામ સપ્તમ પાટોત્સવ**

સર્વોપરી શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા સ.ગુ. મહંત શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (નારણઘાટ - ગાંધીનગર)ની પ્રેરણાથી તેમજ અ.નિ. મફતભાઈ ઈશ્વરભાઈ પટેલ, ગં.સ્વ. કમળાબેન મફતભાઈ પટેલના સંકલ્પથી તેમના ચિ. પુત્રો શ્રી ચિનુભાઈ, શ્રી અનીલભાઈ અને શ્રી મિતેષકુમાર (અમેરિકા)ના યજમાન પદે શ્રી સ્વામિનારાયણ મંદિર કાળીગામનો સપ્તમ પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે સ.ગુ. પૂ. શા. પી.પી. સ્વામી (મહંતશ્રી ગાંધીનગર) અને કાલુપુર મંદિરના પૂ. મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી આદિ સંત મંડળ દ્વારા ઠાકોરજીને અભિષેક, અન્નકૂટ આરતી આદિ થયા હતા. ત્યારબાદ સુંદર સભામાં સંતોએ ભગવાન શ્રીહરિનું માહાત્મ્ય અને યજમાન પરિવારનું સન્માન કરીને સૌ હરિભક્તોને પ્રસાદ જમાડવામાં આવેલ. (કોઠારીશ્રી કાળીગામ)

**પ્રસાદીભૂત ગવાડા ગામે શ્રીમદ્ ધીરજાખ્યાન ત્રિદિનાત્મક પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા ગાંધીનગર અને નારણઘાટ મંદિરના પૂ. મહંત સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રીહરિના અલૌકિક પ્રસાદીભુત ગવાડા ગામે તા. ૨૪-૧૧-૧૭ થી તા. ૨૬-૧૧-૧૭ પર્યન્ત ત્રિદિનાત્મક શ્રીમદ્ ધીરજાખ્યાન કથા સંપ્રદાયના સુપ્રસિદ્ધ કથાકાર સ.ગુ.શા. સ્વામી શ્રી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે વિધિવત રીતે સંગીતની મધુર સુરાવલી સાથે સંપન્ન થઈ. જેના યજમાન અ.નિ. પ.ભ. ઘેલાભાઈ નરસિંહદાસ પટેલ તથા અ.નિ. કાશીબેન ઘેલાભાઈ પટેલ પરિવારે લાભ લીધો હતો.

તા. ૨૬-૧૧-૧૭ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને અત્રેના મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સભામાં બિરાજમાન થયા હતા. યજમાન પરિવારે પૂ. મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી-આશીર્વાદ મેળવ્યા હતા.

આ પ્રસંગે ધામોધામથી પધારેલા સંતો પૈકી સ.ગુ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી, બ્ર. સ્વા. પૂજારી રાજેશ્વરાનંદજી, મૂળી મહંત સ્વામી, સુરેન્દ્રનગરથી કૃષ્ણવલ્લભ સ્વામી, સ.ગુ. મહંત શા.સ્વા. નારાયણવલ્લભદાસજી (વડનગર), મહંત સ્વામી (એપ્રોચ), ઈડર, પ્રાંતિજ, કાંકરિયા, કાલુપુર, મહાદેવનગરથી અને નારણઘાટ મંદિરથી સંતો પધાર્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. નાના મોટા ઘણા હરિભક્તોએ યજમાન બની મહા લાભ લઈ ધન્ય બન્યા હતા. સમગ્ર ગ્રામજનો અને મહેમાનોએ છેલ્લા દિવસે ભોજન રૂપી પ્રસાદ લીધો હતો. રાત્રે સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ પણ થયા હતા. (શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી અને કાનજીભાઈ ઘેલાભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સેક્ટર-૨) ૧૮ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા ગાંધીનગર (સે-૨)ના મહંત પૂ. સ.ગુ. શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી તથા પ.ભ. હસમુખલાલ ચુનીલાલ પટેલ (ફિંચોડ - હાલ ગાંધીનગર) અ.સૌ. સરયુબેન હસમુખલાલ પટેલ આદિ પરિવારના યજમાન પદે તા. ૨૦-૧૧-૧૭ થી તા. ૨૨-૧૧-૧૭ પર્યન્ત શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) ના ૧૮ માં પાટોત્સવના ઉપલક્ષમાં સ.ગુ. શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજીના વક્તાપદે શ્રીહરિ વનવિચરણ ત્રિદિનાત્મક પારાયણ (રાત્રીય) સંગીતના મધુર તાલે થઈ હતી. આ પ્રસંગે પોથીયાત્રા, ઠાકોરજીના અભિષેક દર્શન, અન્નકૂટ દર્શન, ધર્મકુળ દર્શન - આશીર્વાદ અને સંતોની અમૃતવાણીનો લાભ હજારો હરિભક્તોએ લીધો હતો.

સવારે ૭-૦૦ કલાકે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો અભિષેક વેદવિધિસર થયો હતો.

આ પ્રસંગમાં અમદાવાદના પૂજ્ય મહંત સ.ગુ. શા. સ્વામી હરિકૃષ્ણદાસજી, વડનગર, મૂળી, કાંકરિયા, ધોળકા, ટોરડા, એપ્રોચ, ઈડર, સોકલી, બાવળા, પ્રાંતિજ, કાલુપુર આદિ ધામોધામના સંતો પધાર્યા હતા.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. હજારો હરિભક્તોએ દેવ દર્શન, ધર્મકુળ દર્શન, કથા શ્રવણ કરી ભોજનરૂપી પ્રસાદ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. (શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસ - ગાંધીનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધમાસણા નૂતન સિંહાસન મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા કાલુપુર મંદિરના પૂજ્ય મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ધમાસણા નૂતન સિંહાસન - મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.

મહામુક્ત સ.ગુ. શ્રી ગુરુચરણરતાનંદ સ્વામીની જન્મ ભૂમિ તથા શ્રીહરિનું પ્રસાદીભૂત ધમાસણા ગામનું મંદિર ૧૭૫ વર્ષ પહેલાં સ.ગુ. શ્રી મહાનુભાવાનંદ સ્વામીએ હવેલી ઘાટનું બનાવ્યું હતું. ત્યારબાદ ૯૦ વર્ષ પહેલા સ.ગુ. સ્વામીશ્રી લક્ષ્મીપ્રસાદદાસજીએ બંગલાઘાટના મંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યો હતો. જે સમય જતા જીર્ણ થતા નૂતન સિંહાસન અને નૂતન મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા તા. ૧૫-૧૧-૧૭ થી ૧૯-૧૧-૧૭ પર્યન્ત ઉજવાયા. આ પ્રસંગના માર્ગદર્શક શ્રી નરનારાયણદેવના પૂજારી બ્રહ્મચારી સ.ગુ. સ્વામી રાજેશ્વરાનંદજી, સ.ગુ. મહંત શા. સ્વામી પી.પી. સ્વામી (ગાંધીનગર-નારણઘાટ) તથા સ.ગુ. પૂજ્ય ભંડારી સ્વામી જે.પી. સ્વામી તથા કોઠારી જે.કે. સ્વામી રહ્યા હતા. તથા અન્ય સંતોમાં નારણઘાટ મહંતશ્રી દિવ્યપ્રકાશ સ્વામી, ગોપાલજીવન સ્વામી (પ્રાંતિજ), બાલસ્વરૂપ સ્વામી (મૂળી), ધર્મેન્દ્ર મહારાજ (મૂળી) આદિ સૌએ સુંદર સેવા બજાવી હતી. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ, મૂર્તિ પ્રતિષ્ઠા, યજ્ઞ, ઠાકોરજીની નગરયાત્રા, પોથીયાત્રા, અભિષેક, અન્નકૂટ દર્શન, શાકોત્સવ, ઘનશ્યામ જન્મોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમો ધામધૂમથી ઉજવાયા હતા. કથાના વક્તાપદે સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)એ વિરાજી સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતું.

આ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા. ઉત્સવમાં અનેક હરિભક્તોએ યજમાન બની સુંદર લાભ લીધો હતો. તા. ૧૯-૧૧-૧૭ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્ હસ્તે નિજ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાની આરતી થઈ હતી. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. ધામો ધામથી અનેક સંતો પધાર્યા હતા.

ભવ્ય શાકોત્સવ સંપ્રદાયના મર્ધન્ય વિદ્વાન સંત સ.ગુ. શા. સ્વામી હરિકેશવદાસજીના વરદ્ હસ્તે થયો હતો.

(કોઠારીશ્રી તથા ઉર્મિત પટેલ)

**લોદરા ગામે કથા પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામી (નારાણઘાટ ગાંધીનગર સે-૨ મહંતશ્રી) ની પ્રેરણા માર્ગદર્શનથી લોદરા ગામના પ.ભ. ડાહ્યાભાઈ હરગોવનદાસ પટેલ અને કાંતાબેન ડાહ્યાભાઈ પટેલના જીવન પર્વ નિમિત્તે તા. ૨૧-૧૦-૧૭ થી તા. ૨૨-૧૦-૧૭ શ્રી વિદુરનીતિ શાસ્ત્રની ત્રિદિનાત્મક કથા સંપ્રદાયના સુપ્રસિદ્ધ વિદ્વાન કથાકાર સ.ગુ. શા.સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે સંગીતના સુમધુર તાલે સંપન્ન થઈ.

આ પ્રસંગે અનેક ધર્મપ્રેમીજનોએ કથાનો લાભ લઈ ધન્ય બન્યા હતા. શ્રી દશરથભાઈ, શ્રી યોગેશભાઈ અને તેમના પરિવારે પોતાના માતા-પિતાનું ઋણ અદા કરવા સુંદર આયોજન કરી પ્રેરણારૂપ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

(શા.સ્વા. દિવ્યપ્રકાશદાસ - નારણઘાટ)

**સિમેજ (તા. ધોળકા) ગામે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ**

ધોળકાધામ નિવાસી પરમકૃપાળુ શ્રી મોરલીમનોહરદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા ધોળકા મંદિરના મહંત સ.ગુ. સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી પ.ભ. દશરથભાઈ કુબેરભાઈ પટેલ (સિમેજ)ના યજમાનપદે તા. ૧૬-૧૧-૧૭ થી તા. ૨૨-૧૧-૧૭ પર્યન્ત સંપ્રદાયના સુપ્રસિદ્ધ વિદ્વાન કથાકાર સ.ગુ.શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજી (હાથીજણ) ના વક્તાપદે સંગીતના મધુર તાલે શ્રીમદ્ ભાગવત સપ્તાહ સંપન્ન થઈ. અનેક ભક્તજનોએ કથા શ્રવણ કરી જીવનને ધન્ય બનાવ્યું હતું. સમગ્ર કથાનું આયોજન અને સફળ સંચાલન, ધોળકા મંદિરના કોઠારી શા.સ્વા. સત્યસંકલ્પદાસજીએ શોભાવ્યું હતું. તા. ૨૨-૧૧-૧૭ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સભામાં પધાર્યા હતા. યજમાન પરિવારે પૂજન-અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ધામોધામથી સંતો પધાર્યા હતા. સભા સંચાલન શા.સ્વા. અજયપ્રકાશદાસે કર્યું હતું.

(સુરેશભાઈ પૂજારા)

**હિંમતનગર શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સભા**

સર્વાવતારી ઈષ્ટદેવ શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત શા. સ્વા. પ્રેમપ્રકાશદાસજીની પ્રેરણાથી અત્રે મંદિરમાં તા. ૧૪-૧૧-૧૭ એકાદશીના સુંદર સત્સંગ સભા થઈ હતી. જેમાં સંતોમાં શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજી (કાલુપુર) અને શા. પ્રેમપ્રકાશ સ્વામી એ કથા વાર્તાના માધ્યમથી હરિભક્તોને રાજી કર્યા હતા.

(જય એમ. પટેલ - હિંમતનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઈલોલ રજત જયંતી મહોત્સવ ઉજવાશે**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી તથા સમસ્ત ઈલોલ ગામના હરિભક્તોના આયોજનથી અને મહંત શા.સ્વામી પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર)ની પ્રેરણાથી તા. ૧૨-૧૨-૧૭ થી તા. ૧૬-૧૨-૧૭ પર્યન્ત શ્રી સ્વામિનારાયણ મંદિર ઈલોલનો રજત જયંતી મહોત્સવ ભવ્યતાથી ઉજવાશે.

**મોટેરા ગામે સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર મોટેરા દ્વારા દર માસે સુંદર સત્સંગ સભાનું આયોજન થાય છે. તા. ૨૯-૧૦-૧૭ ના રોજ રાત્રે ૯ થી ૧૧ દરમ્યાન પ.ભ. ઘનશ્યામભાઈ તરફથી સભા થઈ હતી. જેમાં કોટેશ્વર ગુરુકુળથી પૂ. શા. રામ સ્વામી, ગાંધીનગર મંદિરથી પૂ. શા. ચૈતન્યસ્વામી અને નારણઘાટ મંદિરથી પૂ. શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજી આદિ સંત મંડળે કથા વાર્તા અને કીર્તન ભક્તિનો અલૌકિક લાભ આપીને સર્વે હરિભક્તોને રાજી કર્યા હતા.

(શા. સ્વા. દિવ્યપ્રકાશદાસ - નારણઘાટ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લવારપુર રજત જયંતી મહોત્સવના ઉપલક્ષમાં પદયાત્રા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર લવારપુરનો રજત જયંતી મહોત્સવ તા. ૧-૩-૧૮ થી તા. ૫-૩-૧૮ પર્યન્ત ધામધૂમથી ઉજવાશે. જેના ઉપલક્ષમાં ભજન ભક્તિ, મહામંત્ર લેખન, પદયાત્રા, આદિ અનેક કાર્યક્રમ પૈકી લવારપુરથી ગાંધીનગર સેકટર-૨ શ્રી ઘનશ્યામ મહારાજના પદયાત્રા યોજી હતી. સેંકડો હરિભક્તો સાથે અમદાવાદથી પૂ. સ્વા. રાજેન્દ્રપ્રસાદદાસજી, ગાંધીનગર મહંત પૂ. શા.પી.પી. સ્વામી આદિ સંત મંડળ જોડાયા હતા.

(કોઠારીશ્રી, લવારપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડિયા (આર.સી. ટેકનિકલ રોડ)**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા ગાંધીનગર-નારણઘાટ મંદિરના પૂ. મહંત શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડિયા (આર.સી. ટેકનિકલ રોડ) ખાતે દેવદિવાળીના અન્નકૂટ ઉત્સવ તથા સભાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગરથી પૂ. મહંત શા. પી.પી. સ્વામી, બાલસ્વરૂપ સ્વામી આદિ સંતો પધાર્યા હતા. અને કથાવાર્તાના માધ્યમથી તેમજ ઠાકોરજીને ભવ્ય અન્નકૂટ ધરાવી આરતી ઉતારી હરિભક્તોને ખૂબ રાજી કર્યા હતા.

અત્રે દર માસના પ્રથમ રવિવારે સુંદર સત્સંગ સભા સંતોની ઉપસ્થિતિમાં થાય છે. જેથી આ વિસ્તારમાં વસતા સર્વે ભાવિક ભક્તોને લાભ લેવા અનુરોધ છે.

(કોઠારીશ્રી ઘાટલોડિયા - આર.સી. ટેકનિકલ રોડ મંદિર)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર ૧૨ મો પાટોત્સવ**

પરમકૃપાળુ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અત્રે મંદિરના મહંત સ.ગુ. પૂજ્ય સ્વામી શ્રી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગરનો ૧૨ પાટોત્સવ તા. ૫-૧૧-૧૭ ને રવિવારના રોજ વિધિવત રીતે ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૩૦-૧૦-૧૭ થી તા. ૫-૧૧-૧૭ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ પૂજારી સ્વામી ત્યાગવલ્લભદાસજીના વક્તાપદે સંપન્ન થઈ હતી. અન્ય કાર્યક્રમો પૈકી ત્રિદિવસીય શ્રીહરિયાગ, અન્નકૂટ, મહાભિષેક, તુલસી વિવાહ, રાત્રીય સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ થયા હતા. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ કર્યું હતું. સ્થાનિક અને આજુબાજુના ગામોના અનેક ભક્તોએ સુંદર લાભ લીધો હતો.

બહેનોને દર્શન-આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા. ધામો ધામના સંતો પણ પધાર્યા હતા. પાટોત્સવના યજમાન પદે પ.ભ. મોહનભાઈ લાલજીભાઈ પટેલ પરિવાર રહ્યાં હતા. પાટોત્સવની વિવિધ સેવામાં અમદાવાદથી પૂ. રાજેન્દ્રપ્રસાદ સ્વામી અને મૂળીથી ભક્તિ સ્વામી, દેવ સ્વામી અને વિશ્વસ્વરૂપ સ્વામી તેમજ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળે સુંદર સેવા બજાવી હતી. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કારોલ (તા. ચૂડા) ચતુર્થ પાટોત્સવ**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ સમગ્ર ધર્મકુળના રાજીપાથી શ્રી સ્વામિનારાયણમંદિર કારોલ નો ચતુર્થ પાટોત્સવ તા. ૨૭-૧૦-૧૭ કારતક સુદ-૭ ના રોજ મૂળી મંદિરના પૂ. મહંત સ્વામી શ્યામસુંદરદાસજી તથા લીંબડી મંદિરના મહંત શા. જ્ઞાનવલ્લભદાસજી આદિ સંતોની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવાયો હતો. સંતો દ્વારા ઠાકોરજીની અન્નકૂટ આરતી, હોમાત્મક મહાપૂજા, ગોર શ્રી જીતેન્દ્રભાઈ દ્વારા કરવામાં આવેલ, સંતોએ સર્વોપરી શ્રીહરિ અને ધર્મકુળ માહાત્મ્ય અને વ્યસન મુક્તિ પર ઉપદેશાત્મક વાતો કરી હરિભક્તોને રાજી કર્યા હતા.

(નરેન્દ્રભાઈ સોની કારોલ)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો (અમેરિકા) દિપોત્સવી કાર્યક્રમો**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત શા. યજ્ઞપ્રકાશદાસજી તથા પૂજારી સ્વામી શાંતિપ્રકાશદાસજીના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો ખાતે દિવાળીના કાર્યક્રમો પૈકી શ્રી હનુમાન ચરિત્રની કથા શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજીના વક્તાપદે થઈ હતી. જેના યજમાન અ.સૌ. અસ્મિતાબેન પરેશભાઈ કોવાડીયા તથા અ.સૌ. ચિન્તુબેન સંજયભાઈએ લાભ લીધો હતો.

નૂતન વર્ષના સુમંગલ પ્રભાતે અલૌકિક સભામાં પ્રમુખશ્રી જગદીશભાઈ પટેલ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના નૂતન વર્ષના આશીર્વાદ વાંચી સંભળાવ્યા હતા. બન્ને સંતોએ પણ નવા વર્ષે પ્રેરણાત્મક ઉપદેશ આપ્યો હતો. પ્રમુખશ્રીએ સૌને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. ઠાકોરજીને ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

સુંદર તુલસી વિવાહ ઉજવાયો. જેમાં શ્રી અરવિંદભાઈ અને રંજનબેન ચૌધરી, શ્રી જૈનિકભાઈ પ્રિયાબેન મહેતા તથા શ્રી જીતેન્દ્રભાઈ અર્ચિતાબેન પટેલ, શ્રી બળદેવભાઈ અને નીતાબેન પટેલ પરિવારે યજમાન બની સુંદર લાભ લીધો હતો. ઠાકોરજીની પાંચ આરતી અને હાટડીના દર્શન કરી હજારો હરિભક્તો ભાવ વિભોર થયા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સમગ્ર ધર્મકુળની કૃપાથી અહીંનો સત્સંગ ખૂબજ વૃધ્ધિ પામતો જાય છે. (વસંત ત્રિવેદી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન (અમેરિકા)**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત સ્વામી ભક્તિનંદનદાસજી તથા સ્વા. નિલકંઠચરણદાસજીની પ્રેરણાથી દિવાળી પ્રસંગે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન ખાતે શ્રી હનુમાનજી મહારાજનું પૂજન-આરતી, શારદા પૂજન, ગોવર્ધન પૂજન, નૂતન વર્ષના અન્નકૂટ દર્શન અને ભવ્ય સત્સંગ સભા થઈહ તી. વિવિધ સેવામાં હરિભક્તોએ યજમાન બની લાભ લીધો હતો. સંતોએ સર્વોપરી શ્રીહરિ અને ધર્મવંશીનું મહિમા માહાત્મ્ય સમજાવ્યું હતું. હજારો ભાવિક ભક્તોએ સુંદર દર્શન કથાવાર્તા અને અન્નકૂટ દર્શન કરી ધન્ય બન્યા હતા.

૧૧ અને ૧૨ નવેમ્બર શનિવાર-રવિવારના ઈન્ડીયન સીનીયર સીટીઝન એસોશીએશન હ્યુસ્ટન ટેકસાસ દ્વારા બપોરના ૧૨ થી ૩ કીર્તન ભક્તિ, સમૂહ પ્રાર્થના, ધૂન, લકઝરી બસ દ્વારા આપણા મંદિરોમાં દર્શન, ભોજન પ્રસાદ અને સૌનું સુંદર સન્માન કરવામાં આવ્યું હતું. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા (અમેરિકા)**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી આપણા કોલોનીયા શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિરમાં દિવાળીના ધન પૂજન, ચોપડા પૂજન, લક્ષ્મી પૂજન, શ્રી હનુમાનજીનું પૂજન આરતી અને નૂતન વર્ષના નિજ મંદિરમાં ઠાકોરજીને અન્નકૂટ દર્શન આદિ થયા હતા. ભૂદેવ શ્રી પિનાકીન જાની અને શ્રી રોહિતભાઈએ સમગ્ર ઉત્સવમાં પૂજન વિધિ કરાવી હતી. યજમાનોનું અને પધારેલા મહાનુભાવોનું સન્માન મંદિરની કમિટી દ્વારા સભામાં ભરત ભગત દ્વારા કરવામાં આવ્યું હતું. કથા વાર્તા, ધૂન, કીર્તન ભક્તિ અને ઠાકોરજીની અન્નકૂટ આરતી ધામધૂમથી થઈ હતી. હજારો ભક્તજનોએ દર્શન કરી દિવ્યતા અનુભવી હતી.

(પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પારસીપની છપૈયાધામ (અમેરિકા)**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. અભિષેકપ્રસાદદાસજી તથા શા. સી.પી. સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર કોલોનીયા ખાતે દિવાળી દરમ્યાન લક્ષ્મીપૂજન, કાળી ચૌદશના શ્રી હનુમાનજી પૂજન - આરતી, દિવાળીના શારદા પૂજન, ચોપડા પૂજન, નૂતન વર્ષના ઠાકોરજી સમક્ષ ભવ્ય અન્નકૂટ અને સંતોના શ્રીમુખે શ્રીમદ્ ભાગવત કથા આદિ સુંદર કાર્યક્રમ થયા હતા.

બન્ને સંતોએ દિવાળીના વિવિધ ઉત્સવ પ્રસંગનો સુંદર મહિમા સમજાવ્યો હતો. અનેક હરિભક્તોએ યજમાન બની લાભ લીધો હતો. ગોર શ્રી પીનાકીન જાની દ્વારા પૂજન વિધિ સંપન્ન થઈ હતી. શા.સ્વા. અભિષેકપ્રસાદદાસજી એ અતિથિ-મહેમાનો અને યજમાન પરિવારનું સુંદર સન્માન કરી તેમની સેવાને બિરદાવી હતી.

હજારો હરિભક્તોએ દેવ દર્શન, કથાવાર્તા, અન્નકૂટ દર્શન અને મહાપ્રસાદ લઈ ખૂબજ ધન્ય બન્યા હતા. (પ્રવિણ શાહ)

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.info**

**www.swaminarayan.in**

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૦૦ ● શયન આરતી ૨૦-૩૦

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

| | |
|---|---|
| **જેતલપુર :** www.jetalpurdarshan.com | **મહેસાણા :** www.mahesanadarshan.org |
| **છપૈયા :** www.chhapaiya.com | **ટોરડા :** www.swaminarayanmandirtorda.com |
| **નારણઘાટ :** www.narayanghat.com | **વડનગર :** www.swaminarayanmandirvadnagar.com |
| **પ્રયાગ :** www.prayagmilan.org | **અયોધ્યા :** www.ayodhyaswaminarayanmandir.com |

# દેવસ્ય માટે આઈ.એસ.એસ.ઓ.એ ૫૦૦ એકર જમીન ખરીદી

આજના યુગમાં રોજબરોજની જીંદગીથી કંટાળેલા લોકો એક એવી જગ્યાની શોધમાં હોય છે કે જ્યાં તેમને કંઈક નવું તો મળે પણ સાથે સાથે મનની શાંતિ પણ મળે.

વર્ષો સુધી માનવ કલ્યાણ અને સત્સંગ ઉત્કર્ષ માટે અથાગ પરિશ્રમ કરનાર સંપ્રદાયના શ્રી નરનારાયણદેવ ગાદીના પાંચમાં આચાર્ય પ.પૂ. દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને સમર્પિત તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને આઈ.એસ.એસ.ઓ. ના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ એવું **દેવસ્યં** અબાલ વૃધ્ધ સૌને માટે મન, શરીર અને આત્માને ફરી ઉત્સાહિત કરવા માટેનું સ્થળ બની રહેશે. અમેરિકાના વર્જીનિયા સ્ટેટમાં ૫૦૦ થી વધુ એકર જમીન પર બનનારા આ સંકુલમાં આજની પેઢીને અને સત્સંગી કે બીન સત્સંગી પરિવારને આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને સામાજીક મૂલ્યો એક જ સ્થળે સમજાય તેવી વ્યવસ્થા ઉભી કરાશે. રિચમન્ડ, વર્જીનીયા કે જ્યાં વસતા હિંદુ પરિવારો મોટાભાગના ઉત્સવો અને તહેવારો ઉજવતા હોય છે ત્યાંથી માત્ર ૨૫ મિનિટ ડ્રાઈવ કરીને પહોંચતા આ સ્થળની કોઈ પણ પ્રવેશ ફી રખાશે નહીં પરંતું ત્યાં મળતી સેવાઓ માટે નિર્ધારિત કિંમત ચૂકવવાની રહેશે.આ પ્રોજેક્ટનો ખર્ચ ખૂબ મોટો હોવા છતાં સંપ્રદાયના અન્ય પ્રોજેક્ટની જેમ દેશ વિદેશના નાનામાં નાના હરિભક્તો નું દાન લઈ સહભાગી બનાવાશે. આઈ.એસ.ઓ. દ્વારા દર વર્ષે ઉનાળામાં યુવાનો માટે સમર કેમ્પ કરવામાં આવે છે જે હવેથી અહિં જ આયોજીત કરાશે.

આ સંકુલમાં આધુનિક અને પરંપરાગત સુવિધાઓ મળશે. જેમાં આધુનિક સગવડ વાળું જીમ, સ્પા અને ગૌશાળા તેમજ ઘોડેસવારી માટે ઘોડશાળ હશે. દૂરથી આવનાર અને અહિં થોડા દિવસો રહેવા ઈચ્છતા લોકો માટે ૩૦ થી ૪૦ આધુનિક સગવડોથી સંપન્ન રૂમો બનાવાશે. ૫૦૦૦ થી ૬૦૦૦ સ્કવેર ફૂટ માં બનનારા મંદિરમાં શ્રી રાધિકાજી અને શ્રી કૃષ્ણની મૂર્તિ પ્રતિષ્ઠિત કરાશે. જે મૂર્તિ શ્રી નરનારાયણ દેવ દેશ તાબાના પાકિસ્તાન સ્થિત કરાંચી મંદિરથી ભાગલા વખતે લાવી અને રાજસ્થાનમા આબુપાસેના ખાણ ગામે પ્રતિષ્ઠિત કરાઈ છે. આ ઉપરાંત શ્રી ગણપતિજી, શ્રી હનુમાનજી, શિવ પાર્વતી વગેરે


BUSINESS/MAGAZINE

INDIA WEST

Section B · December 1, 2017

ISSO Acquires 500 Acres of Pristine Property To Build 'Devasya', Its First Retreat in the U.S.




મૂર્તિ પણ પ્રતિષ્ઠિત કરાશે જેથી સૌને લાભ મળી શકે. મંદિરમાં દરરોજ પ્રાર્થના આરતી તો થશે જ સાથે સાથે પ્રસંગોપાત અભિષેક અને અન્નકૂટ પણ કરવામાં આવશે. સંકુલ ની અંદર લગભગ એક કિલોમીટરના વ્યાસ વાળુ સુંદર તળાવ આવેલું છે. તથા એક નાનો ગોલ્ફ કોર્સ પણ છે. આ ઉપરાંત બાળકો માટે રમતગમતના સાધનો પણ રખાશે. સંકુલમાં આવેલી વેજીટેરીયન રેસ્ટોરન્ટમાં શુધ્ધ અને સાત્વિક ભારતીય અને વિદેશી વ્યંજનો પીરસાશે તેમજ કેટરીંગ સેવા પણ ઉપલબ્ધ કરાશે. મંદિર અને વાતા વરણના કારણે મનની અને આત્માની તંદુરસ્તી ની સાથે સાથે શરીરની તંદુરસ્તી માટે જીમ, સ્પા, નેચરોપથિ અને આયુર્વેદિક સેન્ટર પણ રાખવામાં આવશે. આ સંકુલ લગભગ ૨૦૧૯ના ઉનાળામાં ખુલ્લુ મુકાશે તેમ આઈ.એસ.એસ.ઓ. ના યુ.એસ.એસ.એ. ખાતેના ખજાનચી શ્રી દેવરાજભાઈ કેરાઈએ જણાવ્યું હતું.

ઈન્ડિયા-વેસ્ટ, બિઝનેસ મેગેઝીનની
૧લી ડિસેમ્બરની આવૃત્તિમાંથી સાભાર....

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૧૫૦૧/- કાચા ટેલર પરિવાર કાચા લક્ષ્મણભાઈ, રમણીકભાઈ, મુરજીભાઈ, ચંદુભાઈ, વિનોદભાઈ, પ્રકાશભાઈ આર, પ્રકાશ એમ. કપીલ, સૂરજ, કુલદિપ, આકાશ, કર્નલ, પૃથ્વીરાજ ચૌહાણ, સહજ અને વિહાન આદિ પરિવાર — લેસ્ટર
૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થેઈસ્ટ લંડન-ફોટડી (કચ્છ) ભૂડીયા કાંતિલાલ કેસરા
૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના લંડન-ફોટડી (કચ્છ) રાજીપા અર્થેઅ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા — ઈસ્ટ
૫૦૦/- પટેલ તુલસીબેન શ્રીહરિ અને ધર્મકુળ પ્રસન્નાર્થે — ઈસ્ટ લંડન
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે — દહેગામ
૧૦૦/- મેવાડા રમેશભાઈ અ.નિ. ભાણો અશ્વિનભાઈ ધીરૂભાઈના સ્મરણાર્થે — જાબુંડાવાળા
૧૦૦/- બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઝુલાસણ
૧૦૦/- અ.નિ. કમળાબેન રામભાઈ પટેલના સ્મરણાર્થે — મોખાસણ
૧૦૦/- પટેલ બળદેવભાઈ વિસાભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ડાંગરવા
૫૫૧/- પટેલ નિકસ જીગરભાઈ વિક્રમભાઈ જન્મ દિને — ઉનાવા
૫૫૧/- પટેલ આરવ સૌમિલકુમાર સુરેશભાઈ જન્મ દિને — ધમાસણા
૧૦૦/- મોરી અજીતભાઈ દાનુભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે — કાલીયાણા
૨૨૨/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે — મહેસાણા
૨૨૨/- અ.નિ. મોદી ચંચળબેન રણછોડલાલ શ્રીજી પ્રસન્નાર્થે — મહેસાણા
૨૨૨/- અ.નિ. મહેતા મણીલાલ મુલચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે — સાબરમતી
૨૨૨/- અ.નિ. મહેતા ડાહીબેન મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે — સાબરમતી
૨૦૦/- સિંધવ નબુબેન મોહનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — વણી
૧૦૧/- બારભાયા અભિષેક અજયભાઈ એમ.બી.એ. માં એડમીશન નિમિત્તે — રાજકોટ
૫૦૧/- બારભાયા ધર્મેશ અરૂણભાઈ અમદાવાદમાં ફલેટ લીધો તે નિમિત્તે — રાજકોટ
૧૦૦/- પટેલ જગદીશભાઈ કેશવલાલ ચિ. ભાણા આરવની ચૌલક્રિયા નિમિત્તે — વક્તાપુર
૧૦૧/- પટેલ રોનક કે. નવું બાઈક લાવ્યા તે નિમિત્તે — મોખાસણ
૧૦૧/- મોદી વિકાશ જીતેન્દ્રકુમાર પ્રથમ પગાર નિમિત્તે — નરોડા
૧૦૧/- રાઠોડ દયાળજી મૂળજી પૌત્ર સ્વયમના જન્મ દિને — જીરાગઢ
૧૦૧/- રાઠોડ લલીતાબેન દયાળજીભાઈ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે — જીરાગઢ
૧૦૦/- ચૌહાણ આયુષસિંહ વજેસિંહ પુણ્યતિથિ નિમિત્તે — ટાંકીયા
૧૦૧/- રાઠોડ બિપીનભાઈ નરોતમભાઈ ગાડી લાવ્યા તે નિમિત્તે — ચિખલી
૧૦૦/- ધરમપુર ગામ સત્સંગી સમસ્ત પ.પૂ. મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે
૧૦૦/- રાઠોડ કૌશિક વાલજી જન્મ દિને — મુંબઈ
૧૦૧/- પટેલ મંગુબેન રમેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — નારદીપુર
૧૦૦/- પટેલ વિજયાબેન રણછોડભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — કલોલ
૧૦૧/- પટેલ મહેન્દ્રભાઈ અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે — મોટેરા
૧૦૦/- પટેલ પરાગ રાવજીભાઈ જન્મ દિને — કેનેડા
૧૦૦/- પટેલ યુવરાજ ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાયડ
૧૦૦/- પટેલ સંસ્કાર ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાયડ
૧૦૧/- પટેલ પરેશકુમાર ભૂપેન્દ્રભાઈ ચિ. પુત્રી હેન્સીના જન્મદિને — વડુ
૧૦૧/- પટેલ નિલેશકુમાર ભૂપેન્દ્રભાઈ ચિ. પુત્ર નેયાનના જન્મ દિને — વડુ
૨૦૧/- સાપરીયા પિન્ટુભાઈ સુખાભાઈ નવું બાઈક અને ચિ. નૈતિકના પ્રથમ જન્મ દિને — સુરત
૨૦૧/- પટેલ છોટાભાઈ નારણભાઈ પૌત્ર હવેનના જન્મ દિને — કઠલાલ
૧૦૧/- વાઘેલા કલ્પેશસિંહ દિલીપસિંહ જન્મ દિને — ગોધાવી
૧૦૦/- ચૌધરી શાંતાબેન જેશંગભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાલવા
૧૦૧/- પટેલ નિધિબેન વિષ્ણુભાઈ જન્મ દિને — કોલાદ
૧૦૧/- પટેલ ભાઈલાલભાઈ ખેમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — જાનવડ
૧૦૧/- પટેલ મણીબેન લખીદાસ શ્રીજી પ્રસન્નાર્થે — જાનવડ
૧૦૦/- પટેલ હેતલ પ્રયાગકુમાર ચિ. યથાર્થના જન્મ દિને — મારૂસણા
૧૦૦/- પટેલ અલ્પેશભાઈ ગોવિંદભાઈ નવો ફલેટ લીધો તે નિમિત્તે — કાશીન્દ્રા
૧૫૧/- ચોડવડીયા યોગેશભાઈ કલ્યાણભાઈ જન્મ દિને — રાજકોટ
૧૦૦/- પટેલ જીનય અને જીયા ચિરાગભાઈ જન્મ દિને — લવારપુર
૧૦૦/- પટેલ યશ જસુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — લવારપુર
૫૦૧/- પટેલ મિષ્ટીબેન કૃણાલભાઈ અમૃતભાઈ જન્મ દિને — કુંડાલ
૫૦૧/- પટેલ હેરીન સુનિલભાઈ અમૃતભાઈ જન્મ દિને — કુંડાલ
૧૦૦/- પટેલ ભોળાભાઈ ચતુરદાસ શ્રીજી પ્રસન્નાર્થે — ભાઉપુરા
૧૦૦/- પટેલ જગદીશભાઈ હેમાભાઈના સ્મરણાર્થે — પરઢોલ
૧૦૦/- પટેલ કિરીટભાઈ ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — પરઢોલ
૧૦૦/- પટેલ અંજનાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — નાંદોલ
૧૦૦/- પટેલ અંબાલાલ વિઠ્ઠલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — નાંદોલ
૧૦૦/- પટેલ ઘનશ્યામભાઈ બેચરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે- — ચિલોડા
૧૦૦/- પટેલ મહેશભાઈ ગોવિંદભાઈ જન્મ દિને — બાયડ
૧૦૦/- વરુ મનસ્વી પ્રકાશભાઈ જન્મ દિને — જીરાગઢ
૧૦૦/- વરુ જૈનિકા ચંદ્રેશભાઈ જન્મ દિને — જીરાગઢ
૧૦૧/- મીસ્રી વિષ્ણુભાઈ ગોવિંદભાઈ કમુબાની પુણ્યતિથિ નિમિત્તે — આનંદપુરા
૧૦૧/- કા. વિકેનભાઈ પ્રવિણભાઈ ચિ. સ્નેહના જન્મ દિને — બાલાસિનોર
૧૦૦/- પટેલ દિપંશ સુરેશભાઈ જન્મ દિને — બાયડ
૨૦૧/- પટેલ ચિંતનકુમાર ભૂપેન્દ્રભાઈ જન્મ દિને — બાયડ
૧૦૦/- પટેલ રૂત્વાબેન શરદકુમાર જન્મ દિને — કુંડાળ
૧૦૧/- મોદી મિત ગૌતમભાઈ જન્મ દિને — સાબરમતી
૧૦૧/- મોદી ગૌતમભાઈ પ્રહલાદભાઈ જન્મ દિને — સાબરમતી
૧૦૦/- પટેલ જય શૈલેષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — રાવળાપુરા
૨૦૦/- ડાભી કાળુસિંહ પ્રભાતસિંહ ચિ. રાજવર્ધનસિંહના જન્મ દિને — સૂરજ
૨૦૧/- સિંધવ રણછોડભાઈ અરજણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — વણી
૧૦૦/- મોરી અજીતભાઈ પથાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — કાલીયાણા
૧૦૦/- મોરી અશોકભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — કાલીયાણા
૫૦૧/- પટેલ અરવિંદભાઈ ત્રિકમલાલ ચિ. પંકજને વર્કપરમીટ વિઝા નિમિત્તે — કરજીસણ
૧૦૧/- ભરવાડ વાલજીભાઈ પોપટભાઈ રામભાઈ વાલજીભાઈના સ્મરણાર્થે — વિરમગામ
૧૦૦/- પટેલ ઘનશ્યામભાઈ અંબાલાલ પૌત્ર યજ્ઞના જન્મ દિને — વાડજ
૧૦૧/- પટેલ વિકાસ અરવિંદભાઈ જન્મ દિને — કુબડથલ
૧૦૧/- પટેલ યશ હરેશભાઈ જન્મ દિને — કુબડથલ
૧૦૦/- પટેલ દ્વારકેશભાઈ બેચરદાસ ૫૯ માં જન્મ દિને — મરતોલી
૧૦૧/- ડાભી વિજયસિંહ સતુજી દાદા હેમતુજી શિવાજીના સ્મરણાર્થે — ખોરજડાભી
૧૦૧/- વાઘેલા ઘનશ્યામસિંહ રામસિંહજી શ્રીજી પ્રસન્નાર્થે — ગરોડીયા
૧૦૧/- પટેલ પેરીન ભાવેશભાઈ જન્મ દિને — કોઠા
૧૦૧/- પરમાર ગંગાબેન બાબુભાઈ ચિ. પ્રિયાંશી અને યુવરાજના જન્મ દિને — બળોલ-ભાલ
૧૦૧/- પટેલ દશરથભાઈ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે — વડુ
૧૦૧/- ભાવસાર જશ સમીરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — પ્રાંતિજ
૧૦૦/- ઠક્કર જય કિરણભાઈ જન્મ દિને — રાણીપ
૧૦૧/- ભાવસાર પ્રિયાંશ કૃણાલભાઈ જન્મદિને — રાણીપ
૧૦૦/- પટેલ જાનકી સંજયભાઈ જન્મ દિને — અમદાવાદ
૧૦૦/- પટેલ રજનીભાઈ શનાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — કણભા
૧૦૧/- મોદી જીતેન્દ્રકુમાર નટવરલાલ નવું મકાન લીધું તે નિમિત્તે — પ્રાંતિજ
૧૦૦/- પટેલ વ્યોમેશ રજનીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — કણભા
૧૦૦/- પટેલ પ્રવિણચંદ્ર અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે — ઉવારસદ
૨૦૦/- પટલે વિષ્ણુભાઈ માધવલાલ ચિ. મિલ્કેશ અમેરિકા ગયો તે નિમિત્તે — વડુ

## શ્રી સ્વામિનારાયણ

૨૦૧/- પરમાર બળવંતસિંહ શાંતિભા બળોલ
ચિ. જયરાજ ન્યુઝિલેન્ડ ભણવા ગયા તે નિમિત્તે
૨૦૦/- પટેલ નંદુબેન ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૦૦/- ચૌહાણ પ્રભાતસિંહ ગગુભાઈ ચિયાડા
ચિ. મહાવીરસિંહને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે
૨૫૦/- સિંધવ ભાવેશકુમાર દિપસંગભાઈ બળોલ-ભાલ
બોટાદમાં નવું મકાન લીધું તે નિમિત્તે
૧૦૧/- દરજી મનોજભાઈ એ. શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૨૦૦/- પટેલ હિરાબેન પ્રાણભાઈ ઝુંડાલ
ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે
૧૦૧/- અડાલેજા કાવ્યા શૈલેષભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે રતનપર
૧૦૧/- અડાલજા નિષ્ઠા શૈલેષભાઈ નવું મકાન લીધું તે નિમિત્તે રતનપર
૧૦૧/- અ.નિ. મોદી દલસુખરામ શિવલાલના સ્મરણાર્થે પ્રાંતિજ
૧૦૦/- પટેલ ઘનશ્યામકુમાર શકરાભાઈ અમદાવાદ
નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે
૧૦૧/- રાઠોડ પિન્ટુભાઈ હેમરાજભાઈ ચિ. નૈષધના જન્મ પ્રસંગેજીરાગઢ
૧૫૧/- અ.નિ. કુલકર્ણી અનિલભાઈ નરેન્દ્રભાઈ અમદાવાદ
પુણ્યતિથિ નિમિત્તે
૨૦૦/- પટેલ રાવજીભાઈ ચિમનભાઈ ઝેણાભાઈ શ્રીજી પ્રસન્નાર્થેધમાસણા
૧૦૦/- મોદી અમરતલાલ મથુરદાસ સાબરમતી
નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- ઠક્કર નિશાંત વી. શ્રીજી પ્રસન્નાર્થે ભુજ
૧૦૦/- પટેલ વિષ્ણુભાઈ અંબાલાલ ભગત દિવાળી પ્રસંગે વડુ
૫૦૦/- પટલે દેવલબેન સુરેન્દ્રભાઈ જન્મ દિને અમદાવાદ
૧૧૦૦/- પટેલ રાવજીભાઈ જોઈતાભાઈ વય નિવૃત્તિ થઈ તે નિમિત્તેખેરોલ
૧૫૧/- પટેલ પ્રહલાદભાઈ નારણદાસ કોઠા
અમેરિકામાં પરિવારના સુખાર્થે
૧૦૧/- ભાવસાર જયેશ ભરતભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તેબાપુનગર
૧૦૧/- પટેલ મેઘાબેન વિમલભાઈ મરતોલી
શ્રીહરિની કૃપાથી સારા દિવસો રહ્યાં તે નિમિત્તે
૧૦૦/- અ.નિ. પટેલ ડાહીબેન ઈશ્વરદાસ ગોવિંદપુરા-વેડા
૧૪ મી પુણ્યતિથિ નિમિત્તે
૧૦૦/- પટેલ શાન હરિભાઈ જન્મ દિને ઈટાદરા
૧૦૦/- પટેલ ધૈર્ય નરેશભાઈ જન્મ દિને ૧૭-૧૦ ઈટાદરા
૧૦૦/- પટેલ રાધી નરેશભાઈ જન્મ દિને તા. ૧૯-૧૦ ઈટાદરા
૧૦૦/- ભાવસાર નિલેશકુમાર અશોકકુમાર અમદાવાદ
ચિ. કુણાલ એન્જીનિયર થવા નિમિત્તે
૧૦૧/- મોદી વિનુભાઈ નાથાલાલ શ્રીજી પ્રસન્નાર્થે નવાવાડજ
૧૦૦/- અ.નિ. પટેલ જયંતીભાઈ રામભાઈ પુણ્યતિથિ નિમિત્તે નારોલ
૨૦૦/- પટેલ મૈત્રીબેન પ્રવિણભાઈ પેથાપુર
ડોકટરની બીજા વર્ષની પરીક્ષામાં પાસ નિમિત્તે
૧૫૧/- મહેતા જીવંતિકા લક્ષ્મીકાન્ત અમદાવાદ
ચિ. તેજશ નવીગાડી લાવ્યો તે નિમિત્તે
૨૦૧/- પટેલ યશ્વી સંજયભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- ભાવસાર સિધ્ધિ સુનિલકુમાર અમદાવાદ
સી.એસ. માં પાસ થયા તે નિમિત્તે
૧૦૦/- પટેલ હેતવી અક્ષયકુમાર જન્મ દિને પડુસ્મા
૨૦૦/- ચૌધરી હંસકુમાર રમેશભાઈ (વકીલ) જન્મ દિને બાપુપુરા
૧૦૦/- ચૌધરી ભાવેશકુમાર માધુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાપુપુરા
૫૦૦/- કનૈયાલાલ પરસોતમદાસ કલોલ
કેશવ ઈન્સ્યોરન્સ બીટી. મોલના ઉદ્. પ્રસંગે
૧૫૧/- પટેલ બિટ્ટુ નિકુંજ પ્રવિણભાઈને ત્યાં પુત્ર જન્મ પ્રસંગેપડુસ્માવાળા
૧૫૦/- પટેલ અર્થ-હેતવી હેમંતકુમાર વિહારવાળા
નવી ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૦૧/- લાઠીયા નવલકુમાર હિંમતભાઈ મેઘાણીનગર
નવું બાઈક લાવ્યા તે નિમિત્તે
૧૦૧/- વખારીયા નિતીનભાઈ ગાંડાલાલ દિવાળી પ્રસંગે અમદાવાદ
૧૦૧/- પટેલ અંબાલાલ હરગોવનદાસ દિવાળી નિમિત્તે વિહાર
૧૫૧/- પટેલ ચંદુભાઈ ખોડીદાસ કુંડાળ
ચિ. જીતેન્દ્રભાઈએ મર્સીડીઝ ગાડી લીધી તે નિમિત્તે

૧૦૧/- શ્રી બાલાજી પમ્પસ એન્ડ સ્પેર હુબલી
શ્રી નરનારાયણદેવ કૃપાથી નવી કાર નિમિત્તે
૧૦૦/- પટેલ ક્રિશીવ હરેશભાઈ ડી. ચૌલક્રિયા નિમિત્તે વાગોસણા
૧૦૧/- કેરાળીયા મણીભાઈ જી. નવી ફોરવીલ ગાડી નિમિત્તે નરોડા
૧૦૧/- નાગર નવિનચંદ્ર બાબુલાલ શ્રીજી પ્રસન્નાર્થે ઝાણુંવાળા
૫૦૦/- કાચા અભિષેક વિનોદભાઈ પ્રથમ પગાર નિમિત્તે સુરત
૨૦૦/- પટેલ નીલ હસમુખભાઈ જન્મ દિને ૨૦-૧૦ કાળીગામ
૨૦૦/- પટેલ નિલ હસમુખભાઈ કાળીગામ
અમેરિકા અભ્યાસ પુરો થયો તે નિમિત્તે
૧૦૦/- રાઓલ જયવિરસિંહ બહાદુરસિંહ જન્મ દિને સોઢીભાલ
૧૦૦/- રાઓલ બહાદુરસિંહ હેમભા સોઢીભાલ
નવું બાઈક લાવ્યા તે નિમિત્તે
૧૦૧/- પ્રજાપતિ ગોવિંદભાઈ રામાભાઈ તુલસી વિવાહ પ્રસંગે મોટેરા
૧૦૧/- પટેલ રમેશભાઈ જીવાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મોટેરા
૧૦૦૧/- પટેલ રિતેશ-સિધ્ધિ અ.નિ. ઉનાવા
પટેલ બિપીનભાઈ નારણભાઈ ૧૩ મી પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૦૦/- પટેલ જયેશભાઈ જગજીવનભાઈ વાઘોડીયાવાળા
નવી ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૫૦/- ચાવડા મિતુલ રણછોડભાઈ ૩૮ માં જન્મ દિને બળોલ-ભાલ
૧૫૦/- ચાવડા રણછોડભાઈ ભુદરભાઈ ૬૫ માં જન્મદિને બળોલ-ભાલ
૨૫૧/- પટેલ સંગીતાબેન મનોજકુમાર અમદાવાદ
ચિ. પૌત્રી શ્રીષાના જન્મ દિને
૧૦૧/- દરજી સુરેશભાઈ ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ ગીની પાર્થ શ્રીજી પ્રસન્નાર્થે
૧૦૦/- ઉપાધ્યાય કુમુદચંદ્ર જગન્નાથ નવા વર્ષ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ભાવસાર ધનલક્ષ્મીબેન વિનોદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કલોલ
૧૦૦/- પટલે વિષ્ણુભાઈ કેશાભાઈ છપૈયાધામ યાત્રા નિમિત્તે વહેલાલ
૧૦૦/- પટેલ દક્ષાબેન વિષ્ણુભાઈ છપૈયાધામ યાત્રા નિમિત્તે વહેલાલ
૧૦૦/- મોદી રોહિતકુમાર દશરથલાલ નૂતન વર્ષે નિમિત્તે દહેગામ
૧૦૦/- પટેલ ઝરણાબેન નંદુભાઈ જન્મ દિને તા. ૨૫-૧ કાળીગામ
૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૫૧/- ભાવસાર રસિકલાલ અંબાલાલ પૌત્ર વંદનના જન્મ દિને મોટપ
૧૦૦/- પટેલ કલ્પ આશિષકુમાર જન્મ દિને ખેરોલ
૧૦૦/- પટેલ મોક્ષાબેન ભાવેશકુમાર જન્મ દિને ગાંધીનગર
૧૦૦/- પોરીયા દેવાંગભાઈ અલ્પેશભાઈ જન્મ દિને જામસર
૫૦૧/- માલવીયા પ્રફુલભાઈ મણીલાલ ભાવનગર
ચિ. જીગરભાઈને પ્રોફેસરની જોબ નિમિત્તે
૧૦૦/- ચૌહાણ રમેશચંદ્ર જીવરામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- વરૂ મહેશભાઈ જીવરામભાઈ જન્મ દિને જીરાગઢ
૨૦૦/- પટેલ અવનિ નિલેશ વિહાર
હરિકૃષ્ણભાઈ અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે
૧૦૦/- મોદી લીલાબેન રમેશચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ પ્રહલાદભાઈ ઈશ્વરભાઈ ચિ. વેદાંતના જન્મ દિનેવાગોસણા
૧૦૦/- પટેલ પ્રહલાદભાઈ ઈશ્વરભાઈ વાગોસણા
તેમના માતુશ્રી ચંચળબાની પુણ્યતિથિ નિમિત્તે
૧૦૧/- પટેલ નર્મદાબેન રમેશચંદ્ર ડાંગરવાવાળા
અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ કાશીબેન બાપુદાસ શ્રીજી પ્રસન્નાર્થે કલોલ
૧૦૦/- પટેલ મધુબેન કનુભાઈ ઓસ્ટ્રેલીયા પ્રવાસ નિમિત્તે લસુન્દ્રા
૧૦૦/- અ.નિ. મોદી રમીલાબેન પ્રવિણભાઈ પુણ્યતિથિ નિમિત્તેઅમદાવાદ
૧૦૦/- પટેલ અલય મધુસુદન નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે મોટેરા
૧૦૦/- પટેલ હેતાંગ મધુસુદન જન્મ દિને કેનેડા
૧૦૦/- પટેલ ભૂપેન્દ્રભાઈ કાંતિભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મોટેરા
૧૦૧/- ચાવડા નવદિપસિંહ ભીમભા ને બળોલ-ભાલ
ત્યાં ચિ. બ્રિજરાજસિંહના જન્મ પ્રસંગે
૧૦૧/- પટેલ દશરથભાઈ સોમાભાઈ તુલસી વિવાહ પ્રસંગે મોટેરા
૧૦૧/- મોદી ભીખીબેન અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ જી. આઈ. ૬૭ માં જન્મ દિને ગોવિંદપુરાવેડા
૧૦૦/- પટેલ કમલેશભાઈ જયંતીભાઈ અમદાવાદ
જરીનો ધંધો શરૂ કર્યો તે નિમિત્તે

## શ્રી સ્વામિનારાયણ

૧૦૦/- પટેલ મણીબેન જયંતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- રાઠોડ જીતેશ જીતેનભાઈ જોબ મળી તે નિમિત્તે નલીયા-મૂળી
૨૦૧/- પટેલ અરવિંદભાઈ ત્રિકમદાસ ચિ. પંકજના જન્મદિને કરજીસણ
૫૦૧/- પટેલ આશાબેન હિતેષભાઈ સરપંચ બન્યા તે નિમિત્તે પ્રતાપપુરા
૧૦૦/- પટેલ ઓમ રિતેષભાઈ જન્મ દિને લવારપુર
૧૦૦/- માંડલીયા શ્લોક પંકજકુમાર તા. ૧૭-૧૦ જન્મ દિને અમદાવાદ
૧૧૧/- પટેલ હેપી કાર્તિક રમણભાઈ વિસલપુર
શ્રીહરિકૃપાથી કેનેડા ગયા તે નિમિત્તે
૨૫૦/- પ્રજાપતિ મેહુલ પ્રવિણચંદ્ર બી. નરોડા
સહજાનંદ ઈન્ડ.ના ઉદ્‌ઘાટન નિમિત્તે
૨૦૧/- પટેલ પાર્થ શૈલેષકુમાર ખણુંસા
આઈ.એસ.ટી.એસ. માં સારા બેન્ડ આવ્યા તે નિમિત્તે
૨૫૧/- વેગડ હિતેષ નરસીભાઈ સગાઈ નિમિત્તે સુરત
૧૦૦/- પટેલ કોકીલાબેન નટવરભાઈ ચિ. નવ્યાના જન્મ દિને અમદાવાદ
૧૦૧/- મોરી ભગવાનભાઈ મહાદેવભાઈના સ્મરણાર્થે ડેડીયાસણ
૧૦૦/- પટેલ મહેન્દ્રભાઈ અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે મોટેરા
૧૦૧/- રાઠોડ વિજયાબેન નરોતમભાઈ ચિખલી
નવી ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- ચૌધરી શાંતાબેન જેશંગભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાલવા
૧૦૦/- ચૌધરી આશાબેન ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાલવા
૧૦૦/- પટેલ અંજનાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૫૦૧/- બૂટીયા ધર્મરાજ ગણેશભાઈ ડાહ્યાભાઈ કાલીયાણા
નવી ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ છનાભાઈ પ્રહલાદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઝુલાસણ
૧૦૦/- રાણા માહીબેન વનરાજસિંહ જન્મ પ્રસંગે ભૂંડીયા ધરમપુર
૧૦૦/- વાઘેલા અંશરાજસિંહ પૃથ્વીરાજસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૦/- વાઘેલા યશપાલસિંહ મહેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૦/- પટેલ યશ જસુભાઈ નવું સ્કુટર લીધું તે નિમિત્તે લવારપુર
૧૦૦/- પટેલ શ્લોક મિહીરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે લવારપુર
૧૦૦/- પટેલ અંશ જીતેન્દ્રકુમાર નવી ગાડી લાવ્યા તે નિમિત્તે વક્તાપુર
૧૦૦/- પટેલ ભાઈલાલભાઈ ખેમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે જાનવડ
૧૦૦/- પટેલ મણીબેન લખીદાસ શ્રીજી પ્રસન્નાર્થે જાનવડ
૧૦૧/- સિંધવ રણછોડભાઈ અરજણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વણી
૧૦૦/- પટેલ નિકીતાબેન સોહેલકુમાર જન્મ દિને કલોલ
૨૫૦/- ઠક્કર સુરેશભાઈ ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વેજલપુર
૨૦૦/- અ.નિ. મીસ્ત્રી ભારતીબેન દેવેન્દ્રભાઈ પુણ્યતિથિ નિમિત્તે ગોધાવી
૧૦૦/- પટેલ જસુભાઈ હેમાભાઈ જગાભાઈના સ્મરણાર્થે પરઢોલ
૧૦૦/- પટેલ ગીરીશભાઈ ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે પરઢોલ
૧૦૦/- મોરી અશોકભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૨૦૦/- ચૌધરી શૈલેષભાઈ બળદેવભાઈ સમૌ
ચિ. નિલકંઠ અને નૈયાના જન્મ દિને
૧૦૦/- પટેલ મીનાબેન ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર
૧૦૦/- વાઘેલા રામબાબા કેશરીસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૨૫૦/- પટેલ વિનીતકુમાર શાંતિલાલને ત્યાં પુત્રીના જન્મ પ્રસંગે ટ્રેન્ટ
૧૦૧/- પટેલ આરુષકુમાર દિલીપભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૦/- પટેલ જયદેવકુમાર યોગેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- વાઘેલા વિલાસબા કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા રતનબા જામભા શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા દેવબાબા રણજીતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- ચૌધરી કનુભાઈ જોઈતાભાઈ લવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બદપુરા
૧૦૧/- પટેલ કિશનકુમાર રાજેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- પટેલ વિનોદકુમાર કેશવલાલ શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર
૧૫૧/- ચાવડા જયદિપ રમેશભાઈ કાલીયાણા
નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ નંદુબેન ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૦૦/- પટેલ સવિતાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૦૦/- ડૉ. સત્યમકુમાર ભાવસાર જન્મ દિને પેથાપુર

૧૦૦/- ભૂપેન્દ્ર શ્યામ જન્મ દિને અમદાવાદ
૧૦૦/- પટેલ જસુભાઈ છગનભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે ધનસુરા
૧૦૦/- પટેલ ઈલાબેન પ્રવિણભાઈ જન્મ દિને અંબાપુર
૧૦૦/- પટેલ ધૃવિલ યોગેશભાઈ જન્મ દિને અંબાપુર
૧૦૧/- પટેલ મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૦/- મોદી ખુશ્બુ ગૌતમભાઈ લગ્ન પ્રસંગે સાબરમતી
૧૦૦/- મોદી પ્રહલાદભાઈ ડાહ્યાલાલ સાબરમતી
૧૦ મી પુણ્યતિથિ નિમિત્તે
૧૦૧/- જાદવ અરૂણાબેન ખેંગારભાઈ છપૈયાધામ યાત્રા નિમિત્તે માલણપુર
૨૦૧/- પટેલ લલીતાબેન સુરેશભાઈ જન્મ દિને હિંમતનગર
૧૦૦/- પટેલ બળદેવભાઈ શંકરદાસ શ્રીજી પ્રસન્નાર્થે આનંદપુરા
૧૦૦/- પટેલ પુષ્પાબેન બળદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે આનંદપુરા
૧૦૧/- પટેલ રમેશભાઈ છોટાભાઈ જન્મ દિને અમદાવાદ
૧૦૦/- કા. વિમલકુમાર નારણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ધનસુરા
૧૦૦/- દરજી મનોજભાઈ એ. શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૦/- ચાવડા લાભુબેન પચાણભાઈ છપૈયાધામ યાત્રા નિમિત્તે રામપરા
૧૦૧/- પટેલ ઉપેન્દ્ર રમેશચંદ્ર અમદાવાદ
ચિ. ધ્યાનને સ્કૂલે બેસાડ્યો તે નિમિત્તે
૧૦૧/- પટેલ ધર્મિષ્ઠાબેન રમેશચંદ્ર છપૈયાધામ યાત્રા નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ રાજુભાઈ ગિરધરલાલ શ્રીજી પ્રસન્નાર્થે માણસા
૧૦૦/- ડોડીયા રણજીતભાઈ બેચરભાઈ ટીંબા
ચિ. ભાર્ગવ આફ્રિકા ગયો તે નિમિત્તે
૧૦૦/- ડોડીયા રણજીતભાઈ બેચરભાઈ ટીંબા
ચિ. કૌશલ અમદાવાદ સ્થાયી થયો તે નિમિત્તે
૧૫૧/- ઠક્કર રંજનબેન નટવરલાલ વિરમગામ
મોતિયો ઉતરાવ્યો તે નિમિત્તે
૧૫૧/- પટેલ રિકુલ રજનીકાંતભાઈ લગ્ન પ્રસંગે મેડા
૧૦૦/- એક હરિભક્ત શ્રીજી પ્રસન્નાર્થે
૧૫૦/- અ.નિ. અનીલભાઈ નરેન્દ્રભાઈ બીજા શ્રાધ્ધ નિમિત્તે અમદાવાદ
૧૦૦/- અ.નિ. સિંધવ હિરાબેન કાનજીભાઈ બળોલ-ભાલ
નારણભાઈના સ્મરણાર્થે
૫૦૧/- ઠક્કર શાંતિલાલ નાગરદાસ અમદાવાદ
ચિ. પૌત્રી શ્વેતાના લગ્ન પ્રસંગે
૨૦૦/- સેતા રજનીકાંત જેઠાલાલ શ્રીજી પ્રસન્નાર્થે મોરબી
૫૦૦/- પટેલ ઘનશ્યામભાઈ દ્વારદાકાસ નવી કાર લાવ્યા તે નિમિત્તે મોટેરા
૧૦૦/- પટેલ લલીતાબેન રમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સાબરમતી
૧૦૦/- પટેલ ધીરેનકુમાર રમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સાબરમતી
૧૦૦/- પટેલ દિવ્યા ધીરેનકુમાર શ્રીજી પ્રસન્નાર્થે સાબરમતી
૨૦૦/- પટેલ ઘનશ્યામભાઈ વસ્તાભાઈ કરજીસણ
ચિ. પૌત્ર નિસર્ગના જન્મ દિને
૫૦૦/- પટેલ ઋસાલીબેન જતીનકુમાર બાયડ
(પી.એસ.આઈ.) શ્રીમંત પ્રસંગે
૧૦૦/- પટેલ મધુબેન શંકરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૧૦૦/- પટેલ ઉન્નતબેન ચંદ્રેશકુમાર જન્મ દિને તા. ૧૮-૧૧ આકરૂંદ
૧૦૧/- કા. ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૦૫/- પરેશભાઈ તુલસીભાઈ ચિ. પુત્રી અદિતીના લગ્ન પ્રસંગે જોડીયા
૧૦૫/- મારવી ચમનભાઈ કુંવરજીભાઈ જીરાગઢ
ચિ. પુત્ર પ્રિયેશના લગ્ન પ્રસંગે
૧૦૦/- ચૌધરી વરવાભાઈ પ્રભુદાસ ચિ. જયના જન્મ દિને બાલવા
૧૦૦/- ચૌધરી હીરાબેન વેલજી શ્રીજી પ્રસન્નાર્થે આમજા
૧૦૦/- ચૌધરી પ્રિયા વેલાભાઈ જન્મ દિને આમજા
૨૦૧/- અમીન ઝેકાર અવલીકકુમાર ડીગ્રી મળીને નિમિત્તે અમેરિકા
૧૦૧/- પટેલ મુદા આશિષભાઈ જન્મ પ્રસંગે અસલાલી
૧૦૧/- પઠાણ બાપુમીયા લતીફખાન ભગવાનના રાજીપા અર્થે સરખેજ
૧૦૦/- મોદી અમરતલાલ મગનલાલ શ્રીજી પ્રસન્નાર્થે સેટેલાઈટ
૨૦૦/- રાદડીયા જીજ્ઞેશભાઈ દિનેશભાઈ અમદાવાદ
પુત્ર-પુત્રી (ટવિન્સ) જન્મ પ્રસંગે

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.




જન્મસ્થાન ઉદ્‌ઘાટન મહોત્સવ - છપિયાધામના દર્શન તા. ૪ નવેમ્બર ૨૦૧૭












જન્મસ્થાન ઉદ્‌ઘાટન મહોત્સવ - છપિયાધામના દર્શન તા. ૪ નવેમ્બર ૨૦૧૭














જન્મસ્થાન ઉદ્‌ઘાટન મહોત્સવ - છપિયાધામના દર્શન તા. ૪ નવેમ્બર ૨૦૧૭









Registered under RNI-GUJ Guj /2007/20221 "Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. - 003/15-17 issued ssp Ahd Valid up to 31-12-2017 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/2015 valid up to 31-12-2017









૧. અલ્હાબાદ મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીને ષોડશોપચાર અભિષેક કરતા સંતો. તે પ્રસંગે આયોજીત કથા પારાયણ કરતા સંતો.
૨. શિકાગો મંદિરમાં તુલસી વિવાહના દર્શન.
૩. સિમેજ ગામે આયોજીત કથામાં વ્યાસપીઠ ની આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી





